

# વાણી વિવેક

: લેખક :

સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

: પ્રકાશક :

શ્રી ઘનશ્યામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ-લોયાધામના ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-કંડારી તથા
શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# વાણી વિવેક


**: લેખક :**

સદ્ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

ગુરૂવર્ય : સદ્ગુરૂ શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (કંડારી ગુરૂકુલ)

**: પ્રેરક :**

સદ્ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

(કંડારી ગુરૂકુલ)



**: પ્રકાશક :**

દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ"ભક્તિનગર" કંડારી.

તથા

શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા.

# આશીર્વચન

સંસ્કૃત સાહિત્યમાં સુપ્રસિદ્ધ ઉક્તિ છે *हितं मनोहारि च दुर्लभं वचः* અર્થાત્ હિતને કરનારા ને માધુર્ય ઉપજાવનારા વચનો મળવા દુર્લભ છે. પૂર્વના ઈતિહાસોમાં એક શબ્દથી મહાયુદ્ધો થયાં છે, તેથી વાણીમાં માધુર્ય ભળે ત્યારે માનવનું મુલ્ય લાખોમાં થાય છે અને વાણીમાં પોરુષ્ય ભળે ત્યારે માનવની કિંમત રાખ બરોબર અંકાતી હોય છે.

વાણી જ્યારે ઈશ્વર વિષયક બને ત્યારે પ્રાર્થના કહેવાય છે; જે અતિ આનંદ ઉપજાવનારી છે. અને એ જ વાણી જ્યારે શાસ્ત્ર સંમત ભાષા પ્રવાહમાં વહે ત્યારે સુખ સમૃદ્ધિને ઉપજાવનારી બને છે ; પરંતુ એ જ વાણી જ્યારે અપશબ્દોથી યુક્ત થાય ત્યારે કેટલાયના પ્રાણ હરનારી દુઃખજનની બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વાશ્રિત સંતો ભક્તોને ખુબ સુંદર વાણી વિવેક શિખવ્યો છે. એટલે જ સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની માધુર્ય મિશ્રિત વાણીથી મારવા આવનારા પણ મૌન બની જતાં, એ વાણીના પ્રભાવ અને પ્રતાપને રજુ કરતી અમારા શિષ્ય બ્રહ્મસ્વરૂપદાસજી દ્વારા લખાયેલ આ પુસ્તિકા “વાણી વિવેક” સહુ કોઈ વાંચક જનોને પ્રગતિપથ પર ચાલવાની પ્રેરણા પુરી પાડશે એ જ....

શા. ઘનશ્યામપ્રકાશદાસના શુભાશિષ સહ

જય શ્રી સ્વામિનારાયણ

# લેખકનું નિવેદન

શબ્દમાં તો પુષ્પ છે, શબ્દમાં પ્રેમ પણ છે;
શબ્દમાં વિશ્વાસ છે, શબ્દમાં વહેમ પણ છે;
શબ્દ શીખવાડ્યા મને, શબ્દ હું તો શીખી ગયો;
શબ્દ બોલાવ્યો મને, શબ્દ હું તો બોલી ગયો;
શબ્દના ઊંડાણને જ્યાં ભુલમાં ભુલી ગયો;
કેટલો હું છીછરો, ક્ષણ મહીં ભુલી ગયો.

અજ્ઞાત કવિની આ સરસ પંક્તિ શબ્દનું મૂલ્ય દર્શાવતા કહે છે કે, હું શબ્દના ઊંડાણને ભુલી ગયો; તેથી હું છીછરો છું. આજ ચિત્ર હાલમાં માનવ સમાજનું છે. આજે માણસ વાણીનો ઉપયોગ બહુધા અપમાન કરવા ને ધમકાવવા માટે કરતો હોય તેવું નજરે ગોચર થાય છે. વાણીમાં સંસ્કૃતિની સુગંધ છે. વાણીમાં વ્યક્તિની પહેચાન છે. આપણા વેદો ઉપનિષદો ''नाद ब्रह्मणो स्मम्'' એમ કહીને અવ્યક્ત શબ્દમાં પણ બ્રહ્મનું સ્વરૂપ રહ્યું છે એમ જણાવે છે. તો જે વ્યક્તિ શબ્દસૌષ્ઠવયુક્ત અને માધુર્યયુક્ત વાણી ઉચ્ચારતો હોય તો તેની વાણીમાં મનોહર મદનમોહન રહે, તેમાં શું આશ્ચર્ય ? તુલસીદાસજી કહે છે કે,

ऐसी बानि बोलीए, मनका आपा खोय ।
औरनकु शीतल करे, आप हुं शीतल होय ॥

વાણી એ એક અમૃત સંજીવની છે. જે મનુષ્યની મૃત થઈ ગયેલી આશાઓને જીવંત કરીને તેને આશાવાદી બનાવે છે. અને તે માણસને ઉલ્લાસ ઉત્સાહથી ભરી દઈને તેને સાચું માર્ગદર્શન આપે છે.

તેથી આજના માનવ સમાજનું ચલચિત્ર જોઈને મેં "વાણી વિવેક" નામની પુસ્તિકા લખી છે, જે સુજ્ઞ વાચકવર્ગને ગમશે તેવી આશા રાખું છું....

લિ. સત્સંગ સેવક બ્રહ્મસ્વરૂપદાસના
સસ્નેહ જયશ્રી સ્વામિનારાયણ.
તા. ૨૮-૧૧-૨૦૦૪

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧ | વાણી | ૩ |
| ૨ | વાણીને કારણે જ ઈનામ | ૪ |
| ૩ | વાણીને કારણે જ કારાવાસ | ૫ |
| ૪ | વાણીને કારણે જ મોત | ૭ |
| ૫ | કઠોર વાણીના ઘા કાયમ ડંખે છે | ૮ |
| ૬ | વાણી એટલે વશીકરણ મંત્ર | ૧૦ |
| ૭ | વાણી કાતર જેવી કે સોય જેવી ? | ૧૨ |
| ૮ | મહેણાંથી આપઘાત | ૧૪ |
| ૯ | કઠોર વાણીથી આત્મહત્યા | ૧૫ |
| ૧૦ | વાણીનું પરિણામ | ૧૭ |
| ૧૧ | પટલાણી પાછળ દોડી | ૧૯ |
| ૧૨ | વાણીથી વ્યક્તિની ઓળખ | ૨૧ |
| ૧૩ | બોલાવવાનો વિવેક | ૨૨ |
| ૧૪ | વાણીને કારણે પહેચાન | ૨૪ |
| ૧૫ | બોલવાથી મૂર્ખ ઓળખાઈ ગયો | ૨૫ |
| ૧૬ | હું જુવાન છું કે વૃદ્ધ ? | ૨૬ |
| ૧૭ | તમારા વાસણો હું નહિ ઉટકું | ૨૭ |
| ૧૮ | કડવી વાણીથી મોત | ૨૮ |
| ૧૯ | વાણીને કેવી રીતે બોલવી ? | ૩૦ |
| ૨૦ | વાણીને ગાળીને વાપરવી | ૩૨ |
| ૨૧ | મધુર વાણીમાં પણ વિવેકની જરૂર | ૩૩ |
| ૨૨ | આધ્યાત્મિક વાણી | ૩૫ |
| ૨૩ | બહુ બોલ્યામાં માલ નહિ | ૩૭ |
| ૨૪ | ગાળો બોલવાનું પરિણામ | ૩૯ |

| | | |
|---|---|---|
| ૨૫ | શ્રીહરિજીનો આદેશ | ૪૦ |
| ૨૬ | ધર્મે બોલવું | ૪૧ |
| ૨૭ | શબ્દોના ચાર વિભાગ | ૪૨ |
| ૨૮ | શબ્દોની તાકાત | ૪૩ |
| ૨૯ | સાધુ સંસારી બની ગયો | ૪૪ |
| ૩૦ | શબ્દોને કારણે | ૪૪ |
| ૩૧ | ભાઈ રામદાસજી | ૪૫ |
| ૩૨ | બિલ્વમંગળ | ૪૫ |
| ૩૩ | તુલસીદાસ ૪૫ | |
| ૩૪ | આમ્રપાલી | ૪૬ |
| ૩૫ | અંગુલિમાન | ૪૬ |
| ૩૬ | રખાત | ૪૭ |
| ૩૭ | ઝીલી | ૪૭ |
| ૩૮ | નર્તકી સાધ્વી બની ગઈ ! | ૪૮ |
| ૩૯ | યુરોપિયને ભગવાં પહેર્યાં | ૪૯ |
| ૪૦ | લાલા બાબુ | ૪૯ |
| ૪૧ | શબ્દોને કારણે સત્તાનો ત્યાગ | ૫૦ |
| ૪૨ | મલ્લિકાના શબ્દોને કારણે.... | ૫૨ |
| ૪૩ | આઠ પત્નીઓ સાધ્વીઓ બની ગઈ ! | ૫૪ |
| ૪૪ | સંતના એક શબ્દે જ | ૫૫ |
| ૪૫ | ફરીદુદ્દીન અખ્તર | ૫૬ |
| ૪૬ | રાજકવિ ઈસરદાસ | ૫૬ |
| ૪૭ | નૃત્યાંગના કાન્હૂપાત્રા | ૫૭ |
| ૪૮ | બહોત ગઈ થોડી રહી | ૫૯ |
| ૪૯ | ગોપાળાનંદ સ્વામીના શબ્દોથી... | ૬૦ |
| ૫૦ | ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોથી.... | ૬૧ |
| ૫૧ | સહજાનંદ પ્રભુના શબ્દે કરીને... | ૬૨ |

# “વાણી”

***“બોલ અમુલખ બોલ હૈ, બોલ સકે તો બોલ;***
***પહેલે ભીતર તૌલ લે, બાદમેં મુખડા ખોલ.”***

હે ભક્તો ! લેટેસ્ટ મોજણી અનુસાર આખી દુનિયામાં કુલ ૩,૯૫૦ ભાષાઓ અને બોલીઓ છે. એમાં સૌથી વધારે બોલીયો ભારતમાં છે ! ભારતમાં કુલ ૮૪૫ બોલીયો બોલાય છે! સૌથી ગહન ભાષા ન્યુ ગીની દેશમાં બોલાતી ‘પાપુઆ’ ભાષા છે અને સૌથી સહેલી ભાષા પણ એજ દેશમાં બુગાનવિલ ટાપુ પર બોલાતી ‘હોતોકા’ છે. દુનિયાના ૬૨૫ કરોડ લોકો ૩,૯૫૦ ભાષાઓમાં વાણીનો ઉપયોગ કરે છે.

વાણીમાં ખૂબ તાકાત રહેલી છે. એકવાર મુખમાંથી નીકળ્યા પછી તે પાછી આવી શકતી નથી, માટે સમજુ માણસે સ્નેહ પૂર્વક વાણીનો ઉપયોગ કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિને કાંઈ પૂછવું હોય અથવા તો સામેની વ્યક્તિને જવાબ આપવાનો હોય ત્યારે પહેલાં મનમાં વિચાર કરીને પછી જ બોલવું જોઈએ. ઘણીવાર ઉતાવળિયા સ્વભાવને કારણે બોલ્યા પછી પસ્તાવવું

પડતું હોય છે, તેથી વિવેકની ખૂબ જરૂર પડે છે. વિવેકપૂર્ણ વાણીને કારણે માણસ સન્માનને પાત્ર બની જતો હોય છે.

આપણે કોઈને શબ્દ આપીએ તો ફૂલની જેમ આપવા જોઈએ અને બીજાના સ્વીકારીએ ત્યારે અત્તરની જેમ સ્વીકારવા જોઈએ. આવા પ્રકારના વિવેકની વિચારસરણીનો અમલ જીવનને ધન્ય બનાવી દે છે અને અશાંતિના વાતાવરણને તુરંત જ વિખેરી નાખે છે.

## "વાણીને કારણે જ ઈનામ"

એક રાજાનો દૂત પ્રતિસ્પર્ધી રાજાની સભામાં ગયો. ત્યાં જાહેર સભામાં રાજાએ આ રાજદૂતને પ્રશ્ન પૂછ્યો : "હે દૂત! તારા રાજામાં ને મારામાં શું ફેર તને જણાય છે ?" દૂત ખૂબ વિવેકી અને બુદ્ધિમાન હતો તેથી વિવેકપૂર્ણ વાણીથી જવાબ આપવા લાગ્યો : "હે રાજન્ ! અમારા રાજા તો બીજના ચંદ્ર જેવા છે, જ્યારે આપ તો સોળે કળાએ ખીલી ઊઠેલા પૂર્ણિમાના ચંદ્ર જેવા છો."

આવી વાણી સાંભળી રાજાએ રાજી થઈને લાખ સોનામહોર ઈનામ તરીકે આપી. આ વાતનો ખ્યાલ પેલા રાજાને આવી ગયો, તેથી ગુસ્સે થઈને બોલ્યો : "મારો જ દૂત થઈને મારી નિંદા કરે ? એ આવે તુરંત ઉકળતા તેલમાં નાખી મૃત્યુદંડ આપું." થોડા દિવસો બાદ પેલો રાજદૂત આવ્યો, એટલે જાહેર સભામાં મૃત્યુદંડ ફટકાર્યો!

આવું સાંભળી વિવેકી એવા દૂતે કહ્યું : " હે મહારાજા! પ્રથમ તમે મને શાંતિથી સાંભળો, પછી શાંતિથી વિચારો. મેં આપશ્રીનું બળ અને ગૌરવ ઘટાડ્યું નથી, પરંતુ વધાર્યું જ છે."

રાજાએ કહ્યું : "કેવી રીતે ?" રાજદૂતે વિવેકથી સમજાવતાં કહ્યું : "રાજન્ ! તમારી સરખામણી મેં બીજના ચંદ્ર સાથે કરી તેની વિશેષતા એ છે કે તેને લોકો પૂજે અને તે દિવસે દિવસે વધતો જ જાય છે. જ્યારે પુનમના ચાંદને કોઈ પૂજતું નથી, તેમજ તે દિવસે દિવસે નાનો થતો જાય છે. હવે જે નિર્ણય કરવો હોય તે કરો." આવો જવાબ સાંભળી રાજા ખુશ થયો અને પેલા રાજાની માફક આ રાજાએ પણ દૂતને લાખ સોનામહોરનું ઈનામ આપ્યું !

વડોદરાના મહારાજાને પુત્ર ન હતો તેથી મહારાષ્ટ્રમાંથી પોતાના દૂરના સગાંનાં ત્રણ બાળકોને વડોદરા તેડાવ્યાં. પેલા બાળકને મહારાણીએ પૂછ્યું : "તું અહીં કેમ આવ્યો છે ?" પેલો કહે : "સારાં સારાં કપડાં પહેરવાં." બીજાને પૂછ્યું તો તેણે કહ્યું: "સારુંસારું ખાવાં માટે." ત્રીજાને પૂછ્યું તો તે કહે : "હું કપડાં માટે કે ખાવાં માટે નહિ, પણ મહારાજા બનવા આવ્યો છું." તુરંત તેની પસંદગી કરી દત્તક લીધો. તે બાળક મોટો થઈ સયાજીરાવ ગાયકવાડ તરીકે પ્રખ્યાત બની ગયો. આની પાછળનું કારણ કેવળ વાણી જ હતી.

જોયુંને ભક્તો ! બોલવાની કળા પૂર્ણ વિવેકને કારણે દૂતને બન્ને બાજુથી લાભ થયો અને સામાન્ય છોકરાની રાજા તરીકે પસંદગી થઈ ગઈ ! જો વિવેકતાથી જવાબ દેતા આવડ્યો ન હોત તો દૂતનું એક જગ્યાએ મોત જરૂર થાત, માટે એક વાત હંમેશાં યાદ રાખવી કે, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિવેકની જરૂર પડે છે.

# "વાણીના કારણે જ કારાવાસ"

વિવેક છે તે નબળી ચીજનુંય સાર્થકમાં રૂપાંતર કરે છે; જ્યારે વિવેકનો અભાવ અર્થાત્ અવિવેક તો સાર્થક ચીજની તાકાતનેય વેડફી નાખે છે. સંપત્તિવાન હોય અને ચારિત્ર્યવાન હોય, પરંતુ બોલવામાં વિવેક રહેતો ન હોય તો તેવી વ્યક્તિ પણ પરિવાર પ્રિય, મિત્ર પ્રિય કે લોકપ્રિય બની શકતો નથી; કારણ કે તેની ભાષા બરછટ છે. વ્યવહારમાં કોઈપણની સાથે તડ ને ફડ કરી નાખતી હોય છે.

એક રાજાએ નવ્ય-ભવ્ય એવો સુંદર મહેલ બનાવ્યો હતો. તે સમયમાં આવો સારો રાજમહેલ આખા વિસ્તારમાં ન હોવાથી લોકોનાં ટોળેટોળાં જોવાં આવતાં હતાં. દરેક નર-નારીઓ ખૂબ વખાણ કરીને પોતપોતાનાં ગામડાંઓમાં જતાં રહેતાં હતાં.

રાજ્યના દરેક લોકો મહેલ જોવા આવી ગયા પરંતુ મુખી પટેલ આવ્યો ન હતો, તેથી રાજાએ સમાચાર મોકલ્યા. મુખી આવ્યો એટલે રાજા સ્વયં મહેલમાં લઈ જઈને બતાવવા લાગ્યા. આખા મહેલને જોયા પછી રાજાએ કહ્યું : "મુખી ! કાંઈ સલાહ-સૂચન દેવા જેવું લાગતું હોય તો બોલો." ત્યારે મુખીએ પૂછ્યું : "મહેલમાં પ્રવેશ કરવાનો રસ્તો કેમ સાંકડો રાખ્યો છે ?" રાજાએ કહ્યું : "ઘણા દુશ્મનો એકી સાથે પ્રવેશ ન કરી શકે એટલે."

ત્યારે અવિવેકના કારણે આખા રાજ્યમાં અળખામણો થઈ ગયેલો મુખી બોલ્યો : "મહારાજા ! બહાર જવાનો દરવાજો બહુ નાનો મૂક્યો છે એટલે તમે મરી જશો ત્યારે બહાર

કાઢવામાં બહુ તકલીફ પડશે ! કારણ કે તમારું શરીર હાથીના મદનીયા જેવું જાડું છે.” મુખીની વિવેક વિનાની વાણી સાંભળી રાજાના રુંવે રુંવે ક્રોધ વ્યાપી ગયો તેથી જેલમાં પૂરી દીધો.

સાંજ પડી તોય મુખી ઘેર ન આવ્યો તેથી પટલાણીએ રાજા પાસે આવીને વાત કરી. રાજાએ કહ્યું: “એને બોલવાનો જરાય વિવેક નથી. હજું તો હું નવા મહેલમાં રહેવા પણ આવ્યો નથી ત્યાંતો તેણે કહ્યું કે, તમો ગુજરી જશો ત્યારે બહાર કેમ કાઢીશું.”

આવું સાંભળી પટલાણી બોલી : “રાજાજી ! તમારું શરીર હાથી જેવું છે તેથી બહાર ન નીકળી શકે તો મડદાના ટુકડા કરીને પણ કાઢી શકાય, એમાં મુંઝાવા જેવો પ્રશ્ન જ નથી.” આવું સાંભળી તેને પણ જેલમાં પૂરી દીધી. બા–બાપુજી ઘેર ન આવ્યાં તેથી દીકરાએ આવીને કહ્યું : “ટુકડા કરવાની કોઈ જરૂર નથી, અંદર ચોગાન મોટું છે તેથી અંદર જ સળગાવી દઈશું, તમે જરાય ચિંતા કરશો નહિ. આવી મામુલી વાતમાં મારા માતા–પિતાને જેલમાં પૂરી દીધાં તેથી એવું લાગે છે કે, તમારામાં અક્કલ જ નથી.” આવું સાંભળતાવેંત રાજાનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો તેથી તેને પણ કેદમાં પૂરી દીધો. તેથી કહેવામાં આવ્યું છે કે, “જીહ્વાગ્રે બંધન પ્રાપ્તં”

## “ વાણીના કારણે જ મોત ! ”

“લક્ષ્મી વર્સતી જીહ્વાગ્રે, જીહ્વાગ્રે મિત્ર બાંધવ:
જિહ્વાગ્રે બંધન પ્રાપ્તં, જીહ્વાગ્રે મરણ્ં ધ્રુવમ્”

આ શ્લોકનો કહેવાનો ભાવ એવો છે કે, સારી અને

વિવેક સભર વાણી બોલવામાં આવે તો ધનની, મિત્રની અને સત્તાની પણ પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ વાણીમાં વિવેક જ ન હોય તો એ જ વાણી જેલના સળિયા ગણતી કરી દે છે અને અમુકવાર મોતને પણ નોતરું આપી દે છે.

એક વણકર કોબાડ બોલીનો હતો. બોલવામાં બિલકુલ વિવેક ન રહેતો તેથી લોકો તેને કહેતા કે, “તારી જીભ સુધાર, નહિતર કોઈક તારાં હાડકાં ખોખરાં કરી નાખશે.” આવું સાંભળી તે જીભ સુધારવા માટે સવા મણ સાકર મંગાવીને દરરોજ ખાવા લાગ્યો ! વણકરનો ધંધો હોવાથી એક કીમતી શાલ વણીને સરસ બનાવી દિલ્હીમાં બાદશાહને ભેટ આપી.

શાલ જોઈને સુલતાન તો ખુશ થઈ ગયો અને ખજાનચીને લાખ રૂપિયાનું ઈનામ આપવા કહ્યું. પછી બાદશાહે વણકરને પૂછ્યું: “એલા એય ! આવી ભારે લોબડી વણી છે, પરંતુ તેં કહ્યું તો નહિ, કે આ શું કામમાં લેવાની ?”

આવું સાંભળી કાંઈ પણ વિચાર કર્યા વિના બોલ્યો : “મોટા બાદશાહ છો ને એટલું પણ ભાન નથી ? આ લોબડી (શાલ) હું એટલા માટે લાવ્યો છું કે, તમારું મોત થાય ત્યારે તમારી કબર ઉપર ઓઢાડવામાં ચાલે.”

સાંભળતાવેંત બાદશાહનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો ! તેથી તુરંત હૂકમ કર્યો : “સેનાપતિ ! આ નાલાયકને અત્યારે જ તોપને મોઢે બાંધી ઉડાડી મૂકો.” તુરંત તોપના નાળચે બાંધી ભડાકો કર્યો એટલે વણકરના દેહના ફૂરચા નીકળી ગયા !

# "કઠોરવાણીના ઘા કાયમ ડંખે છે"

"નેહ નીતરતી નાની આંખે, સુંદરતાના મેળા જોયા;
કટું વેણની એક જ ઠેસે, દિલના કાચ તૂટેલા જોયા."

હે ભક્તો ! શરીરમાં લાગેલ બાણ કરતાં પણ હૃદયમાં લાગેલ (અવિવેકભરી વાણી રૂપી) ઘા બહું ભયંકર હોય છે; કારણ કે શરીરમાં લાગેલ બાણની પીડા તો દવા લગાવવાથી સારી થઈ જાય છે, પણ કાળજાની કોતરમાં વાગેલ ઘા કાયમ ડંખ્યા કરતા હોય છે. એના માટેનો મહાભારતનો પ્રસંગ સહુ કોઈને પ્રેરણારૂપ બની ગયો છે.

મયદાનવ નામના દાનવે ઇન્દ્રપ્રસ્થમાં પોતાની માયા વડે એવી રચના કરેલ કે, જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય ! આવી ભૂલભૂલવણીને કારણે હસ્તિનાપુરનો યુવરાજ દુર્યોધન પાણીમાં પડી ગયો હતો. એ સમયે પાંડવ પત્ની દ્રૌપદીજી ત્યાં ઝરુખામાં બેઠેલાં હતાં. તેઓએ આ દ્રશ્ય જોયું, તેથી વિવેક વિસરાઈ ગયો અને હસતાં હસતાં બોલી ગયાં : "અંધના તો અંધ જ હોય ને ?"

બસ, આટલા શબ્દો તુરંત દુર્યોધનના કાળજામાં ભરાઈ ગયા અને એનો બદલો લેવાનો ત્યાંજ સંકલ્પ કર્યો. પછી કપટથી પાંડવોને જુગારમાં (ચોપાટબાજીમાં) હરાવી દ્રૌપદીજીને પણ જીતી લઈ નગ્ન કરવાને માટે દુર્યોધને દુ:શાસન પાસે દ્રૌપદીજીનાં વસ્ત્રો ખેંચાવ્યાં હતાં. ! એ એના અપમાનનો બદલો જ કહી શકાય.

વાલ્મીકિ રામાયણમાં અરણ્યકાંડના ૪૫ મા સર્ગમાં એક પ્રસંગ આવે છે કે, રામ મારીચને મારવા ગયા અને તેને બાણ

માર્યું ત્યારે લક્ષ્મણનું નામ લઈને મારીચ બોલવા લાગ્યો. આ અવાજ સીતાજીએ સાંભળ્યો તેથી લક્ષ્મણજીને રામની મદદે જવાનું કહ્યું. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું : "રામને હરાવી શકે તેવી આ બ્રહ્માંડમાં કોઈની તાકાત નથી, એ અવાજ તો માયાવી મારીચનો છે માટે તમો ચિંતા ન કરો."

લક્ષ્મણજીનાં આવાં વચન સાંભળી સીતાજી ક્રોધ કરી વિવેકનો ત્યાગ કરીને લક્ષ્મણજીના કાળજામાં વાણીરૂપી બાણ મારતાં બોલ્યાં: "હે લક્ષ્મણ ! તું અત્યંત દુષ્ટ છે અને તેથી જ તું ગુપ્તપણે મારા વિષે કામવાસના રાખીને પોતાની મેળે વનમાં આવેલો છે; પરંતુ હું ગોદાવરી નદીમાં ડૂબી મરીશ, કાં તો પર્વત પરથી પડીને મરી જઈશ, પણ તને નહિ વરું." આ પ્રસંગની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ લીધી છે. તેઓ 'વચનવિધિ' ગ્રંથમાં લખે છે કે –

"ત્યારે વૈદેહીએ વચનના, લક્ષ્મણને લગાડ્યાં બાણ,
તું જાણે રામ મરે વરે મુજને, તે ન વરું તજીશ હું પ્રાણ."

આવાં આકરાં વેણ સાંભળી લક્ષ્મણજીનું હૃદય ચિરાઈ ગયું અને રડતાં રડતાં શ્રીરામ પાસે ગયા. પરિણામે રાવણ આવ્યો અને સીતાજીનું હરણ કરી ગયો ! જોકે રાવણનો નાશ કરવા માટે આવું નાટક કરવું પડે તેમ હતું. એની તૈયારી અગાઉ જ અસલી સીતાજીને અગ્નિદેવને સોંપી તેઓનો પડછાયો સીતારૂપે આ નાટક ભજવી રહ્યો હતો.

તો પણ સમાજના લોકોને બતાવવા અને સમજાવવા આ પ્રસંગ સિગ્નલરૂપ છે. વિચાર્યા વિના અને વિવેક વિના બોલવાથી કેવું પરિણામ આવે છે તે આ બન્નેમાંથી જાણવાનું છે. પરિવારમાં અને સમાજમાં જીવન જીવી રહેલાં દરેક નર–

નારીઓએ વાણીનો ઉપયોગ બહુ વિવેક પૂર્વક કરવો જોઈએ. કારણ કે શબ્દ મુખમાંથી નીકળી ગયા પછી તે પાછો આવતો નથી, માટે પ્રિય લાગે એવી વાણી બોલવી જોઈએ. 'પ્રિયમ્ બૃયાત્'

## "વાણી એટલે વશીકરણ મંત્ર !"

"તુલસી મીઠે બસનસે, સુખ ઉપજત સહુ ઓર
યેહી બશીકરન મંત્ર હૈ, તજીએ બચન કઠોર."

તુલસીદાસજી કહે છે કે, મધુર અને વિવેકવાળી વાણી બોલવાથી દરેક પ્રાણીમાત્રને આનંદ થાય છે. લોકોને વશ કરવા માટે સારી વાણી વશીકરણ મંત્ર છે. સંસારના અને પારિવારિક સંબંધો ફક્ત સાચું બોલવાથી ટકતા નથી, પણ સારું બોલવાથી જ ટકી શકે છે. આ વાત સંયુક્ત કુટુંબમાં રહેતી દરેક વ્યક્તિએ સતત નજર સમક્ષ રાખવા જેવી છે.

સમાજમાં કે ઘરમાં મોટા ભાગના ઝઘડાઓ કર્કશવાણીને કારણે જ થતા હોય છે. પેટમાં જતું ઝેર તો માણસને એક જ ઝાટકે સમાપ્ત કરી દે છે, પરંતુ કાનમાં જતું શબ્દરૂપી ઝેર તો માણસને ધીમે ધીમે ખતમ કરવા ઉશ્કેરે છે.કીમતી એવા સોનાના પ્યાલાને પણ સાવ હલકો ગણાતો પથ્થર પણ તોડી નાખે છે, તેમ સોના જેવા સુંદર આત્મીય સંબંધોને હલકા પથ્થર જેવી તુચ્છ વિચારધારા ને વિવેકહિન વાણી રફેદફે કરી નાખે છે.

સામી વ્યક્તિનો વર્તાવ ધારણા કરતાં વિપરીત દેખાય છે ત્યારે મન આવેશમાં આવી જાય છે. એવા સમયે વિવેક વિનાના

શબ્દો બોલાઈ જાય છે અને સમજણનું બાષ્પીભવન થઈ જાય છે. કેટલાક માણસો ગમે ત્યારે ગમે તેવું બોલી નાખતા હોય છે. પછી પાછળથી પસ્તાવાનો વારો આવે છે.

જીભ બે ધારી તલવાર જેવી છે, તેને કાબુમાં રાખવામાં ન આવે તો આડું-અવળું વેતરી નાખે છે. વિવેકી વાણી સંબંધોને જોડે છે અને કઠોરવાણી સંબંધોને તોડે છે. મીઠાં ને મધુર વચનો સામાના દિલને જીતી લે છે. એના નમુનારૂપે સદ્ગુરૂ મુક્તાનંદ સ્વામીના ઘણા પ્રસંગો સંપ્રદાયના ઈતિહાસમાં સાક્ષી પૂરે છે.

સ્વામીની વાણી વિવેક સભર હતી. તેના કારણે તો કોઈપણ માણસ માર માર કરતો આવતો હોય અને મુક્તાનંદ સ્વામી તેની પાસે જઈ થોડીવાર બોલે ત્યાંતો પેલાનો ક્રોધ બાષ્પીભવન થઈને ઊડી જતો હતો. ઘણા વૈરાગી બાવાઓને સ્વામીએ પોતાની વિવેકપૂર્ણ મીઠી વાણીથી વશ કરી લીધા હતા.

એક વાત હંમેશાં યાદ રાખવી કે, મન, મોતી અને કાચ એક વાર તૂટ્યા પછી ક્યારેય સંધાતા નથી; માટે વાણીની સાથે વિવેકની મિત્રતા કરીને વાત કરવી જોઈએ. સામાન્ય રીતે ઘરમાં અને વ્યવહારિક કાર્યોમાં આપણે ગમેતેમ બોલી નાખીએ છીએ તેનું પરિણામ સારું નથી આવતું હોતું. તેથી તો ઘર સરહદી સૈનિકોના કેમ્પ જેવું બની જતું હોય છે ! માટે વિવેક રાખીને વાણી બોલવી જોઈએ.

# "વાણી કાતર જેવી કે સોય જેવી ?"

*શબ્દ બરાબર ધન નહિ, જો કોઈ જાને બોલ;*
*હીરા તો દામમેં મિલે, શબ્દ ન મોલ ન તોલ."*

હે ભક્તો ! કોઈ જગ્યાએ એવી દુકાન જોઈ છે કે જ્યાં શબ્દ વેચાતા મળતા હોય ? ગમે તેવો અણમોલ હીરો હોય તોય પણ તેને અપાર સંપત્તિ આપીને ખરીદી શકાય છે, પરંતુ નાનો એવો શબ્દ હોય છતાં પણ તેને ધનથી ખરીદી શકાતો નથી. આવો અમૂલ્ય શબ્દ છે તો તેને જેમ-તેમ બોલીને કેમ વેડફી નખાય ?

પ્રસિદ્ધ ચિંતક મોન્તેસ્ક કહેતા કે, " જે મનુષ્યો ઓછું વિચારે છે તેઓ ઘણું બોલે છે અને જેઓ બરાબર વિચારે છે તેઓ ઓછું બોલે છે." સુરેશ દલાલ લખે છે કે, "વિચારીને બોલવું એટલે વિવેકપૂર્વક સમજણથી બોલવું. પરિસ્થિતિનો અને સામેની વ્યક્તિનો વિચાર કરીને બોલવું. વાણી કાતર છે અને સોય પણ છે."

ઘણા લોકોની વાણી કાતર જેવી હોય છે. તેઓ અનેક બાપ-દીકરાઓના સંબંધો અલગ કરી દેતા હોય છે. અનેક પતિ-પત્નીઓને પરસ્પર ખોટી કાન ભંભેરણી કરીને તેઓના સુખી જીવનમાં તિરાડ પાડી દેતા હોય છે. અનેક મિત્રોને અબોલા કરાવી દેતી હોય છે. અનેક સગાં-વહાલાંઓનાં સંબંધો તોડી નંખાવતી હોય છે અને અનેક લોકો જે ભાગીદારીમાં ધંધા કરતા હોય છે તેઓનો ધંધો પણ જુદો પડાવી દેતી હોય છે.

ઘણા લોકોની વાણી સોયનું કામ કરતી હોય છે ! જે જે પિતા–પુત્રને ન ફાવતું હોય તેઓને પોતાની વિવેક યુક્ત વાણીથી સમાધાન કરાવી ભેગા કરી દેતી હોય છે. જે જે પતિ–પત્નીઓ ડિવોર્સ લેવા તૈયાર થઈ ગયા હોય તેવાઓને પણ વિવેકથી સમજાવીને ભેગા કરી સુખપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવતા કરી દેતી હોય છે. જે જે કુટુંબોમાં અબોલા હોય તેવા પરિવારોને ભેગા કરી દેતી હોય છે. તો આ પ્રસંગ વાંચીને આપણે વિચાર કરવાનો છે કે, મારો નંબર કાતરમાં છે કે સોયમાં ?

આપણે કેટલા લોકોના પરિવારને તોડવાનો પ્રયત્ન કરીને તોડી નાખ્યો છે, કેટલાનાં દામ્પત્ય જીવનને જુદાં કરી નાખ્યાં છે, કેટલા બાપ–બેટાને ભેગા કરી દીધા છે અને કેટલા પતિ–પત્નીનાં તૂટી રહેલા જીવનને ફરી સાંધી દીધા છે ? આપણી વિવેક યુક્ત વાણીએ પોઝિટિવ કાર્યો કર્યાં હોય તો સમજી લેવું કે મારી વાણી સોય જેવી છે અને આપણી કઠોર વાણીએ નેગેટિવ કાર્યોમાં ભાગ ભજવ્યો હોય તો માની લેવું કે, મારી વાણી કાતર જેવી છે. જો આપણી વાણી કાતર જેવી હોય તો સોય જેવી બનાવવાના પ્રયત્નો શરૂ કરી દઈ સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવી લેવો.

## "મહેણાંથી આપઘાત"

*"પ્રિય વાક્ય પ્રદાનેન સર્વે તુષ્યન્તિ જન્તવ:*
*તસ્માત્ પ્રિય હિ વક્તવ્યં વચને કા દરિદ્રતા ?"*

આ દુનિયાની સવા છ અજબની વસ્તીમાં એવો કોઈ

માણસ આપણને નહિ મળે કે જેને કોઈ સારી વાણીથી બોલાવે ત્યારે ન ગમતું હોય. દરેક જીવ-પ્રાણીમાત્રને મીઠી વાણી ગમે જ છે. પશુઓ અને પક્ષીઓ પણ સારી વાણી બોલવાથી આનંદ પામતા હોય છે. તો પછી સારી વાણી બોલવા માટે શું કામ કંજુસાઈ કરવી જોઈએ ? શું કામ ગરીબાઈ રાખવી જોઈએ ? તો પણ ઘણા અભાગિયા લોકો બસ, કાતરનું જ કામ કરતા હોય છે.

એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે, સામેની વ્યક્તિ દુ:ખના દિવસો ગુજારતી હોય ત્યારે તેને આપણી મધુર વાણીનું આશ્વાસન આપવું જોઈએ, પરંતુ તેના દુ:ખમાં વધારો કરવો ન જોઈએ. આપણા આશ્વાસનના શબ્દોથી તેને માનસિક શાંતિ મળે એવા જ આપણા વિવેક સભર શબ્દો હોવા જોઈએ, પરંતુ તેને ટેન્શન વધી જાય એવી વાણી ક્યારેય પણ બોલવી ન જોઈએ.

વિશ્વ વિખ્યાત ઇતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બી જ્યારે યુવાન હતો ત્યારે તેની જીભ હંમેશાં કાતરનું કામ કરતી હતી. તે હંમેશાં વિચાર્યા વિનાનું અને વિવેક વિનાનું બોલ્યા કરતો હતો. એકવાર તેણે તેની નોકરાણીને પૂછ્યું : “તું આવડી મોટી થઈ છો, પણ લગ્ન કેમ કરતી નથી ?” ત્યારે પેલી શરમાઈ ગઈ અને દુ:ખી મને બોલી: “હું બહુ કદરૂપી છું તેથી મારી સાથે કોઈ લગ્ન કરવા તૈયાર થતું નથી.”

આવું સાંભળી મશ્કરી કરતા કરતાં ટોયન્બી બોલ્યો : “તારું મુખતો માંકડા જેવું છે, તેથી તારી સાથે કોઈ લગ્ન નહિ કરે.” ત્યારે નોકરાણીએ પૂછ્યું : “ તો પછી મારે હવે શું કરવું જોઈએ ? તે તમે મને માર્ગદર્શન આપશો ?” ત્યારે બટકબોલો

ટોયન્બી બોલી ગયો: "તારે આ દુનિયામાં રહીને શું કામ છે ? તારે તો નદીમાં પડીને આત્મહત્યા કરી લેવી જોઈએ." આવું સાંભળી પેલીને ખૂબ દુ:ખ લાગ્યું તેથી એ જ રાત્રિએ નદીમાં પડી મૃત્યુ પામી !

સવારે નદીમાંથી તેનું શબ કાઢવામાં આવ્યું. તે જોઈને ટોયન્બીને ખૂબ પસ્તાવો થયો. પછી તેણે વિવેક યુક્ત વાણી બોલવાનો નિયમ લીધો. હાલમાં પણ ઘણી જગ્યાએ સાસુ–નણંદ અને પતિઓનાં મેણાં–ટોણાંથી ઘણી સ્ત્રીઓ આત્મહત્યાઓ કરતી હોય છે. જેના નિમિતથી આપઘાત કરવામાં આવ્યો હોય છે તે વ્યક્તિને પણ પાપ લાગે છે, માટે આપણામાં એવા સ્વભાવ હોય તો તેને છોડી દઈ સરળ વાણી બોલવાનો નિયમ લઈ લેવો જોઈએ.

## "કઠોરવાણીથી આત્મહત્યા"

પ્રસિદ્ધ કવિ અને લેખક સુરેશ દલાલ લખે છે કે, આડા–અવળા શબ્દો અને મેણાં–ટોણાંથી આપણો સંબંધ કદરૂપો થાય છે. આમ કરવાથી આપણે એકમેકથી દૂર ને દૂર થતા જઈએ છીએ. સંબંધોની આસપાસનાં આશ્ચર્ય ચિહ્નો આપમેળે પંખીનાં પીંછાની જેમ ખરતાં જાય છે અને સંબંધની બાજુમાં પૂર્ણવિરામ પણ મૂકી શકાતું નથી. એક અંત વિનાના કંટાળાજનક વાક્યની જેમ આ સંબંધને લંબાવવાનો પણ શો અર્થ ?"

રત્નસુંદર સૂરિજી લખે છે કે, "શરીરમાં ફરતું લોહી જ્યારે બગડે છે ત્યારે શરીર રોગ ગ્રસ્ત બને છે, બજારમાં ફરતા રૂપિયા જ્યારે બગડે છે ત્યારે ધંધાની વ્યવસ્થા ખોરવાઈ

જાય છે; તેમ મુખમાંથી નીકળતા શબ્દો જ્યારે બગડે છે ત્યારે સંબંધોની મીઠાશનું ઝેરમાં પરિવર્તન થઈ જાય છે. અને આમાં મોટી કરૂણા તો એ છે  કે શબ્દોમાં બગાડો લગભગ તો જેની સાથે લોહીના સંબંધો હોય છે એની સાથેના વ્યવહારમાં જ થતો હોય છે."

સદ્ગુરૂ અક્ષરાનંદ સ્વામી એક વાત કહેતા કે, "એક લાખો નામનો દરજી હતો. તે પટેલને ઘેર આણું શીવવા ગયો હતો. પટલાણીએ રીંગણાં આપ્યાં. લાખાએ પટેલના છોકરાને કહ્યું : "મારા ઘેર આ રીંગણાં લઈને આપી આવ. મારી પત્નીને કહેજે કે, બપોરે આનું શાક કરે." તેથી છોકારાએ જઈને શાક કરવાનું કહ્યું.

દરજણે તે સમયે બીજું શાક કરી વાળ્યું હતું તેથી રીંગણાનું શાક ન કર્યું. બપોરે લાખો તો રીંગણાનું ચિંતવન કરતો કરતો ઘેર આવ્યો ને જમવા બેસી ગયો. થાળીમાં જોયું ત્યાંતો રીંગણાંને બદલે ભીંડાનું શાક ! તુરંત લાખાનો મગજ ગયો અને પૂછ્યું : "રીંગણાંનું શાક કેમ નથી કર્યું ?" દરજણ કહે : "ભીંડાનું શાક કરી વાળ્યું હતું તેથી નથી કર્યું."

ત્યારે ક્રોધાવેશમાં લાખાએ વાણી ઉપરથી વિવેક ગુમાવ્યો અને બોલી ગયો : "અરે રાંડ અભાગણી ! મારું કહેવું ન માનવું હોય તો પટેલના કૂવામાં પડ, મને શું મોઢું બતાવીને ઊભી છો ?"

આવી કઠોર અને કાળજાને ચીરી નાખે એવી વાણી સાંભળીને દરજણને હાડોહાડ લાગી આવ્યું અને તુરંત ગામ બહાર પુરુશોત્તમ પટેલનો કૂવો હતો તેમાં જઈને પડી, તેથી મૃત્યુ થયું ! પોલીસને ખ્યાલ આવતાં લાખાની ધરપકડ કરી

મુંબઈ લઈ ગયા અને બાર વર્ષની સજા થઈ !

આની પાછળનું કારણ જાણ્યુંને ભક્તો ? માટે બોલવામાં બહુ વિવેક રાખવો. ક્યારેક આપણા જીવનમાં પણ આવા પ્રસંગો બનવાનો સંભવ છે. સ્વાદના રસિયાઓને પત્ની મનમાન્યું ન બનાવી દે ત્યારે લાખાની જેમ બોલી જવાની ટેવ હોય છે.

## "વાણીનું પરિણામ"

***એક્ની વાણી લાખ લે, એક્ની લાકડીઓ ખાય;***
***એક વિદેશ ગયો ન વિસરે, એક પાસે બેઠો ન પોસાય.***

જ્યારે રાજાઓનાં રાજ્ય હતાં ત્યારે કોઈ કવિ કે ગઢવી આવીને પોતાની વાણીથી તે રાજાનાં વખાણ કરતા, એટલે રાજાઓ રાજી થઈને તેઓને લાખો રૂપિયા ઈનામ તરીકે આપતા હતા. આનું કારણ પણ વાણીની મધુરતા હતી. અને કોઈ કોબાડ બોલીને માણસ કોઈનું અપમાન કરે તો ક્યારેક સામેવાળો લાકડી લઈ હાડકાં પણ ભાંગી નાખે !

કોઈ વિવેક યુક્ત વાણી બોલનાર માણસ આપણી સાથે રહેતો હોય અને પછી વિદેશમાં નોકરી-ધંધો કરવા જાય તો પણ તે આપણને યાદ આવ્યા કરે અથવા તો આપણે પણ તેને યાદ કર્યા કરીએ; જ્યારે બીજી વ્યક્તિ કાયમ આપણી સાથે જ રહેતી હોય પરંતુ બોલવામાં તડને ફડ કરી નાખતી હોય તો આપણને એમ થાય કે ક્યારે આ અહીંથી જાય ! આ બન્નેનું કારણ વાણી જ છે.

એક ભિખારીની વાણી બહુ મધુર હતી. તેણે એક ગામમાં પટેલને ઘેર જઈને કહ્યું : "બેન બા ! ભૂખ લાગી છે તો થોડી

છાશ આપશો ?" પટલાણીએ કહ્યું : "શેમાં લઈ જઈશ ?" ભિખારી કહે : "આ નળિયામાં આપો ?" પટલાણી કહે : "નળિયામાં તો છાશ ઢોળાઈ જાય." ત્યારે ભિખારી કહે : તો બેન બા ! થોડી ખીચડી હોય તો આપો જેથી નળિયાની બન્ને બાજુ મૂકી દઉં એટલે છાશ ઢોળાય નહિ."

પટલાણીએ ખીચડી આપી. તેથી નળિયાની બન્ને બાજું મૂકી વચ્ચે છાશ ભરી દીધી. પછી પટલાણી કહે : "ખીચડીમાં ને છાશમાં કચરું પડશે, માટે કંઈક ઢાંકી દે." ત્યારે ભિખારી બોલ્યો : "બહેનજી ! મારી પાસે તો ઢાંકવાનું કાંઈ નથી, પણ તમારા ઘરમાં જો રોટલો વધારે હોય તો આપો હું ઢાંકીને લઈ જાઉં." તુરંત પટલાણીએ પ્રેમથી રોટલો પણ આપ્યો.

ત્યારબાદ બીજો ભિખારી પણ આવ્યો. તેને પણ પટલાણીએ બધું આપ્યું. તે સમયે પેલો કોબાડ બોલીનો ભિખારી બોલ્યો : પટલાણી ! નકરું ખાઈ ખાઈને શરીરને ભગરી ભેંસ જેવું કર્યું છે તે કાંઈ કામકાજ કરો છો કે આખો દિવસ બેઠાં રહો છો ?"

આવું સાંભળતાવેંત પટલાણીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો ને ધોકો લઈને બોલી : "મારા પિટ્યા ! જેનું ખાય છે એનું જ ખોદે છે ? અત્યારે જ ઘરની બહાર નીકળી જા, નહિતર આ ધોકે કરીને તારા ટાંટીયા ભાંગી નાખીશ." જોયું ભક્તો ! આ બન્નેનું કારણ વાણી જ હતી !

## "પટલાણી પાછળ દોડી !"

હે ભક્તો ! આવો જ એક બીજો પ્રસંગ સાંભળો. એક ગુરુને બે શિષ્યો હતા. એક દિવસ નાના શિષ્યને ગુરુએ ભિક્ષા લેવાને મોકલ્યો. તે બહુ મધુરભાષી અને વિવેકી હતો.

તે ઝોળી લઈને પટેલના ઘેર ગયો. પટલાણીને જોઈ સ્મિત સાથે બોલ્યો : " મૈયા મૈયા મુઝે ભિક્ષા દો." તુરંત પટલાણીએ પાકું સીધું આપ્યું.

પાકાં સીધાંનો સામાન લઈને તે આશ્રમમાં આવ્યો. રસોઈ બનાવી સૌ જમ્યા. પછી બીજે દિવસે ગુરૂજીએ મોટા શિષ્યને ભિક્ષા લેવા જવાની આજ્ઞા કરી. તેથી મોટો તૈયાર થઈને નાના પાસે આવ્યો અને પૂછવા લાગ્યો : "ગુરુભાઈ ! તુંને કિસ તરહસેં ભિક્ષા માંગી થી ? મુઝે બતાવ, આજ મૈ ભિ તેરી તરહ પાકાં સીધાં લેકર આનેવાલા હું."

નાનાએ બધી વાત કરી. પછી મોટો પણ પેલી પટલાણીને ઘેર પહોંચી ગયો. તેના મનમાં થયું કે, "હું જો મારા નાના ગુરૂભાઈની જેમ ભિક્ષા માગીને લઉં તો એમાં મારી આવડક શું કહેવાય ? માટે નવા શબ્દો બોલીને સીધાંનો સામાન લઈ જાઉં."

આવું વિચારીને તે બોલ્યો, "અરે ઓ મેરે બાપકી ઓરત, બહાર આકર હમકું ભિક્ષાન્ન દે." આવા અસભ્ય શબ્દો સાંભળીને પટલાણીનો મિજાજ ગયો અને તુરંત જ ચોકડીમાં ધોકો પડ્યો હતો તે હાથમાં લઈ બહાર નીકળીને બોલી : "ઊભો રહે મારા રોયા ! આવું બોલતાં તને શરમ નથી આવતી ? બાવો થયો તોય બોલવાનું ભાન ન આવ્યું ? હું તારા બાપની ઘરવાળી છું ? આજ તારા ટાંટીયા તોડી નાખું."

આવું બોલતાં બોલતાં પટલાણી પાછળ દોડી તેથી પેલો ભાગ્યો. પાકાં સીધાંને બદલે લોટ પણ મળ્યો નહિ અને ગાળો ખાવી પડી. માટે જ મહાપુરુષો કહે છે કે વાણી અને પાણી ગાળીને વાપરો. અર્થાત્ વિવેક યુક્ત વાણી બોલો.

રાજકોટ ગુરૂકુળના મહંત પૂજ્ય દેવ સ્વામી કહેતા કે, “માણસનો પગ લપસે તો પોતાનું અંગ ભાંગે, પરંતુ બોલવામાં જો જીભ લપસે અર્થાત્ વિવેક વિનાનું બોલે તો પોતાનાં કે બીજા ઘણાંયનાં અંગો ભાગે અને કેટલાયનાં ઘર પણ ભાંગે. જમવામાં સંયમ રાખે એનું તન તંદુરસ્ત રહે છે, અને વાણીનો સંયમ રાખે તો મન તંદુરસ્ત રહે છે.”

એક વાત હંમેશાં યાદ રાખવી કે, ગમે ત્યારે ભરતી આવે તેને સાગર ન કહેવાય, ગમે ત્યારે ખીલે એને કમળ ન કહેવાય, ગમે ત્યારે ગહેકે (બોલે) તેને મોર ન કહેવાય અને ગમે ત્યારે ટહૂકે તેને કોયલ પણ ન કહેવાય; એજ રીતે ગમે ત્યારે કારણ વિના બોલ બોલ કર્યા કરે તેને વિવેકી પણ ન કહેવાય. માટે વાણી પર સંયમ રાખીને વાત કરવી જોઈએ. “ધીરે સે બોલો, પ્રેમસે બોલો, આદર દેકર બોલો ઔર જરૂરત હોને પર બોલો.”

## “વાણીથી વ્યક્તિની ઓળખાણ”

“એક દિન બિત જાયેંગા માટી કે મોલ,
જગમેં રહ જાયેંગે પ્યારે તેરે બોલ.”

કવિ આ પંક્તિમાં એ કહેવા ઈચ્છે છે કે, દિવસનું કોઈ મૂલ્ય નથી. એક પછી એક દિવસો જીવનમાં જતા જ રહેવાના છે. પડતર માટીની કોઈ કિંમત હોતી નથી, એમ અર્થહિન દિવસની પણ કોઈ કિંમત નથી. છતાં પણ એ દિવસોમાં તમોએ વિવેક સભર વાણીનો સદુપયોગ કરી લોકોને ધર્મયુક્ત વાણી, પ્રેમયુક્ત વાણી અને પ્રેરણારૂપ વાણી સંભળાવી હશે તો એ

વાણી તમારા મૃત્યુ પછી પણ અમર બની જશે.

આજે આપણે એવા ઘણા સંતો અને સજ્જનોને યાદ કરીએ છીએ કે, ફલાણા સ્વામી અને ફલાણા ભાઈ એવું સરસ બોલતા કે હજું એની વાણી યાદ આવ્યા જ કરે છે. હાલમાં બે વક્તા ગુજરાતમાં મોટા ગણાય છે. મોરારી બાપુને અને રમેશભાઈ ઓઝાને લોકો એમની વાણીને કારણે ઓળખે છે.

તેઓ કથા કરતા ન હતા ત્યારે કોઈ તેમને ઓળખતું ન હતું. હાલમાં તેઓની કીર્તિ દેશ–વિદેશમાં ફેલાઈ ગઈ છે તેનું કારણ તેઓની વાણી જ છે. વર્ષો પછી તેઓ ભૌતિક દેહે આ ફાની દુનિયામાં નહિ હોય ત્યારે પણ તેઓની વાણી તો હશે જ અને ત્યારે તેઓની ઓળખાણ તેઓની વાણી જ આપતી હશે !

ભૂતકાળમાં જે ગાયકો થઈ ગયા છે અને તેઓ હાલમાં સદેહે હાજર પણ નથી, છતાં પણ આજે તેઓની વાણી સાંભળીને તેઓને યાદ કરીએ છીએ. કોઈ જગ્યાએ ટેપ કે રેડીયામાં એવું સંભળાય કે, “દેખ તેરે સંસારકી હાલત ક્યા હો ગઈ ભગવાન્ ! કીતના બદલ ગયા ઈન્સાન.” તુરંત જાણકારો કહેશે કે, “આ ગીત તો પ્રદિપજીએ ગાયું હતું.”

‘છૂમછૂમ બાજે ઘુઘરીયા.... સબ દિખલાયે કાના, મેરે ઘર આયે કાના, મેરે ઘર આયે.’ આવું સાંભળીને આપણે કહીશું કે, “આ ભજન તો નારાયણ સ્વામી ગાતા હતા.” “હારે કાયાનો હિંડોળો રસિયો, ડગમગ ડોલા ખાય રે માયલા, ચેતી ચાલો ભાઈ રે...” આ ભજન સાંભળીને કહીશું કે, “આ ભજન તો મુગટલાલ જોષી ગાતા હતા તે છે.”

"એ મેરે બતન કે લોગો, જરા આંખોમેં ભરલો પાની, જો શહીદ હુએ હે ઉનકી, જરા યાદ કરો કુરબાની.' આ શહીદગીત સાંભળશું તુરંત કહી દેશું કે, "આ ગીત તો લતાજીએ ઈ. ૧૯૬૨ના ચીન સાથેના યુદ્ધ સમયે શહીદ થયેલા ભારતના લશ્કરના જવાનોની શ્રદ્ધાંજલિ સભામાં દિલ્હીમાં ગાયું છે અને આ શહીદગીત સાંભળીને તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પણ રડી પડ્યા હતા ! માટે જ તો કવિએ લખ્યું છે કે, "જગમેં રહ જાયેંગે, પ્યારે તેરે બોલ."

## "બોલાવવાનો વિવેક"

"અંધાને અંધો કહે લાગે કડવા વેણ,<br>
ધીરે રહીને પૂછીએ કેમ ગયાં તુજ નેણ"

ઘણા લોકોને એવી કુટેવ હોય છે કે, સામી વ્યક્તિનું વ્યવહારના કાર્યમાં કંઈક કામકાજ આવે ત્યારે તેનું મૂળ નામ લઈને ન બોલાવતાં બીજા નામથી બોલાવતા હોય છે. એમાં પણ તે માણસ ગરીબ પરિવારનો હોય તો તો બિચારાને શાંતિથી ઝંપવા જ ન દે. તેના અંગમાં કોઈ ખામી હોય હોય એટલે એ જ નામથી બોલાવવાનું શરૂ થઈ જતું હોય છે.

એય આંધળા ! એય કાણિયા ! એય લંગડા ! એય ઠુંઠા ! એય બાડા ! એય બોબડા ! એય દુબળા ! વગેરે નામો લઈને પેલાના હૃદયમાં ઘૃણાની તિરાડો પાડતા હોય છે. એમાં પણ જો ખોડ-ખાંપણવાળી વ્યક્તિ પોતાનો નોકર હોય તો તો તુંકારા સિવાય ક્યારેય વાત જ ન કરે. પોતાના કરતાં ત્રણ ગણી ઉંમર મોટી હોય તોય તુંકારાથી બોલાવતા હોય છે.

શાસ્ત્રોમાં તો વૃદ્ધ માણસની આમન્યા જાળવવાની લખી છે.

પોતાના વડીલની જેમ દરેક વૃદ્ધોને વડીલ માની વિવેકથી બોલાવવાનું લખેલ છે. ઘણા સાધુ-સંતો પણ વૃદ્ધ નોકરને તુંકારાથી જેમ-તેમ બોલાવતા હોય છે. એમાં પોતાને જ તે હલકા પાડતા હોય છે. શ્રીજીમહારાજે પણ કોઈને તુંકારાથી બોલાવવાની સ્પષ્ટ ના કહી છે, તેની નોંધ ગ્રંથકાર લખે છે કે,

(ઉપજાતિ વૃત્ત)

"જે આબરુદાર જણાય સારો, કરે ન કોઈ જનને તુંકારો
જે ઢેડ ને વાઘરી જેવી જાત, તે તો તુંકારાથી કરે જ વાત
રસ્તા વચ્ચે ગર્દભ જોઈ જ્યારે, ખસો તમે એમ કહ્યું કુંભારે
કહો દીધું માન જ કોણ કાજે, જાણ્યું તુંકારે મુજ જીભ લાજે "

– હ. -મૃત. ક–૭ વિ–૨૪

અરે, કદાચ આપણને જાણવાની ઈચ્છા થાય તો પણ વિવેકથી પૂછવાનું કહ્યું છે. એમ ન પૂછાય કે, " કેવી રીતે આંધળો થયો છે ?" પરંતુ આ રીતે પૂછાય કે, "સુરદાસજી ! તમારી આંખોમાં શું તકલીફ હતી કે આંખોમાંથી તેજ જતું રહ્યું છે ? મને કહી શકશો ?"

વિવેક વગર પૂછવાથી તેને દુ:ખ થાય છે. તેનું સ્વાભિમાન ઘવાય છે. દરેક વ્યક્તિને સ્વાભિમાન હોય જ છે. પછી તે ધનવાન હોય કે નિર્ધન. સત્તાધીશ હોય કે ચાકર. સાધુ હોય કે ગૃહસ્થ. દરેક માટે બોલવામાં અને પૂછવામાં વિવેક રાખવો જોઈએ. ઘણા લોકો તો શબ્દોની બૂરી દશા કરી નાખતા હોય છે. શબ્દોને ફેંકતા હોય છે! કચડતા હોય છે અને તરફડાવીને તેની હત્યા કરી નાખતા હોય છે! શું આપણો નંબર આમાં આવે છે ખરો ?

# “વાણીને કારણે પહેચાન”

“કાગા કાકો ધન હરે, કોયલ કાકુ દેત
તુલસી મીઠે વચન સે, જગ અપનો કરી લેત.”

હે ભક્તો ! ચાર ચીજ ક્યારેય પાછી આવી શકતી નથી ૧ બોલેલ બોલ ૨ ફેંકેલું તીર ૩ વિતેલ સમય અને ૪ ગુમાવેલી તક. ઔષધીની કડવાશ રોગોને હરે છે, જ્યારે જીભની કડવાશ સ્નેહને હરી લે છે, માટે કડવી (કટું) વાણીથી કોઈને બોલાવવા નહિ; કારણ કે પેટમાં ગયેલ ઝેર કરતાં કાનમાં ગયેલ ઝેર વધુ ખતરનાક છે, માટે વિચારીને બોલવું જોઈએ. ડાહ્યા માણસો સભ્યતાથી વાત કરતા હોય છે. તેઓની વિવેક સભર વાણી સાંભળીને પણ વિના નેત્રે તેઓ ઓળખાઈ જતા હોય છે, તે વિષેનો એક પ્રસંગ સાંભળીએ.

એક સુરદાસ હતો. તે એક દિવસ રસ્તા વચ્ચે બેઠો હતો. તે સમયે રાજાની સવારી ત્યાંથી નીકળી એટલે સીપાઈએ કહ્યું : ‘એય આંધળા ! ખસી જા, મહારાજ આવે છે.” ત્યારે સુરદાસ બોલ્યો : ખસી જાઉં છું જમાદાર.” ત્યાં તો રાજા નજીક આવી ગયા એટલે પ્રધાને કહ્યું : “હે સુરદાસ ! જલ્દી એક બાજુ જતો રહે.” તેની વાણી સાંભળી સુરદાસ બોલ્યો : “ હા પ્રધાનજી જતો રહુ છું.” એમ કહીને લાકડીને ટેકે ઉભો થઈને ધીરે ધીરે ચાલવા લાગ્યો.

તેને ઉતાવળો ચાલતો જોઈને રાજાએ કહ્યું : “હે સુરદાસજી! જાળવીને ચાલજો, નહિતર પડી જશો.” તેવું સાંભળીને સુરદાસ બોલ્યો : “જી મહારાજા, મારી ચિંતા કરશો નહિ.” અંધ માણસ આ રીતે નામ કહીને બોલ્યો તેથી રાજાને

નવાઈ લાગી એટલે પૂછ્યું : "સુરદાસજી ! તમોએ અમોને કેવી રીતે ઓળખ્યા ?" ત્યારે સુરદાસે કહ્યું : "કેવળ વાણી ઉપરથી, કારણ કે હલકા લોકો જ સૌને તુંકારે બોલાવે છે, પણ સજ્જન લોકો ક્યારેય કોઈને તુંકારે બોલાવતા નથી."

## "બોલવાથી મૂર્ખ ઓળખાઈ ગયો"

એક લોક કહેવત છે કે, 'ન બોલ્યામાં નવ ગુણ.' મૂર્ખ માણસની શોભા મૌન જ છે. તે ન બોલે ત્યાં સુધી જ તે સારો લાગે છે. તે વિષેનાં દૃષ્ટાંતો સાંભળો.

એક શહેરના નગરશેઠને એક જ પુત્ર હતો. પરંતુ તેને બુદ્ધિ ઓછી હોવાથી લગ્ન કરવા કોઈ તૈયાર થતું નહિ, તેથી શેઠને ચિંતા થતી હતી. તેવામાં એક શહેરમાંથી એક શેઠ પોતાની દીકરીનું માગું લઈને આવ્યા. તુરંત પેલા આટાલાલને એક રૂમમાં બોલાવી શેઠે કહ્યું : "તું ઓફિસે જઈને ગાદી પર બેસીને ચોપડાનાં પાનાં ફેરવ્યા કરજે, હું મહેમાનોને લઈને આવું છું." પેલો જઈને પાનાં ફેરવવા લાગ્યો.

શેઠ મહેમાનોને લઈને આવ્યા ને બોલ્યા : આ મારો વનેસંગ આખી પેઢી સંભાળે છે." મહેમાનો તો રાજી થઈ ગયા ને સગપણ કરવા તૈયાર થઈ ગયા. ત્યાં પેલો બોલ્યો : "પપ્પાજી ! પાનાં આંકેલાં ફેરવું કે કોરાં ?" આવું સાંભળી મહેમાનોને ખ્યાલ આવી ગયો કે, આપણને છેતરવા માટે શેઠ ખોટું બોલ્યા છે. આ વનેસંગ તો અભણ ને આટાલુસ છે." તુરંત ત્યાંથી જ જતા રહ્યા.

# "હું જુવાન છું કે વૃદ્ધ ?"

પૂ. જગતપ્રકાશ સ્વામી (ડભાણવાળા) કથામાં કહે છે કે, એક આટાલાલ હતો. મગજ મેટ હોવાથી તેની સગાઈ થતી ન હતી. ૪૦ વર્ષની ઉંમરે પહોંચી ગયો હતો. એવામાં એક સમયમાં એક ઠેકાણે સગપણ થયું. તેથી તાત્કાલિક લગ્નનું નક્કી કર્યું ને જાન લઈને સૌ વેવાઈના ગામમાં આવી ગયા.

વરરાજાના સગાઓએ અને અણવરે આટાલાલને સમજાવી દીધેલ કે, "તારે કંઈપણ બોલવું નહિ." તેથી સુનમુન બેસી રહેલો. તે વખતે પેલી કન્યાની સખીઓ અને ગામની સ્ત્રીઓ વરરાજાને જોવા આવી. જોઈને અંદરોઅંદર ગુપચુપ કહેવા લાગી: "વરરાજો તો રોયો ગઢો છે."

વરરાજાએ આવાં વે'ણ કાનોકાન સાંભળ્યાં તેથી સર્કસના પાંજરામાંથી વાંદોર ડોકાં કાઢીને જોતો હોય તેમ ગામની સ્ત્રીઓને જોવા લાગ્યો ને બોલ્યો : " હું જુવાન છું કે બુઢ્ઢો એ તમોને દેખાડી દઉં, જુઓ મારો ઝપાટો."

આમ કહી સુરવાળના પાયસા ગોઠણ સુધી ચઢાવીને બાજુમાં બળદગાડું પડ્યું હતું તેના પર દોડીને ચઢી ગયો ! અને ત્યાંથી ઠેકડો મારી પેલી સ્ત્રીઓ પાસે આવીને કહેવા લાગ્યો : "જોયુંને ? હું ગઢો છું કે યુવાન ? બુઢ્ઢો આટલું દોડી શકે ખરો ?"

આટાલાલનું આવું આચરણ જોઈને સ્ત્રીઓ બોલી ઉઠી : "અરે ! આ રોયો તો બુઢ્ઢો તો છે જ પણ હારોહાર ગાંડોય પણ છે; હાલોહાલો જલ્દી જઈને આપણી સહેલીને કહી દઈએ કે, "આવા પાગલ હારે લગ્ન કરીશ નહિ." આમ બોલતી

બોલતી તે સ્ત્રીઓ કન્યા પાસે ગઈ અને બધી વાત કરી. તેથી કન્યાએ લગ્ન કરવાની ના કહી દીધી. પછી આટાલાલને કોરેકોરા ઘેર જવું પડ્યું !

## “તમારાં વાસણો હું નહિ ઊટકું”

એક પટેલને એક જ દીકરી હતી. પરંતુ તેને બુદ્ધિ ઓછી હતી તેથી તેની સગાઈ થતી નહિ. અનેક લોકો આવતા, પરંતુ પેલી ગાંડી કંઈક બોલે એટલે પેલાને ખ્યાલ આવી જાય, તેથી પાછા જતા રહેતા હતા. એમ કરતાં એક જગ્યાએથી સગપણનું માગું આવ્યું એટલે પટેલે તેને કડક શબ્દોમાં કહ્યું : “મહેરબાની કરીને તું મુંગી જ રહેજે, નહિતર તારી સગાઈ નહિ થાય.”

મહેમાનોને લઈને પટેલ જમવા બેઠા. પટલાણીએ પેલીને પીરસવા મોકલી. મહેમાનોએ જોઈ તેથી ગમી ગઈ. જમતાં જમતાં જ પટેલને કહેવા લાગ્યા. તમારી દીકરી અમોને પસંદ આવી ગઈ છે. રૂપિયો ને નાળિયેર આપીને આજે અમો જઈશું અને લગ્નનું આવતા મહિને જ ગોઠવી દઈએ.”

આવું સાંભળી પટેલ તો રાજીના રેડ થઈ ગયા. સૌ જમીને ઊભા થયા, ત્યાં તો પેલી ગાંડી બોલી : “એય મહેમાનો! તમારાં ઠામડાં તમે ઊટકી નાખજો, હું કાંઈ તમારાં એઠાં ઠોબરાં નથી ઊટકવાની સમજ્યા ?” આવું સાંભળીને મહેમાનોને ખ્યાલ આવી ગયો કે, “આ તો ગાંડી છે.” તુરંત કાંઈપણ બોલ્યા વિના પોતાના ગામ જતા રહ્યા.

# "કડવી વાણીથી મોત"

કદમ એક જ મુકાય છે, દિશા ફરી જાય છે
આંકડો એક જ મૂકાય છે, દાખલો બદલાઈ જાય છે
પુષ્પ એક જ ખીલે છે, વાતાવરણ બદલાઈ જાય છે
સ્મિત એક જ વ્યક્તિનું મળે, જીવન બદલાઈ જાય છે
શબ્દ એક જ બદલાય છે, પણ અર્થ ફરી જાય છે.
– રત્નસુંદરસૂરિજી

વાણી પરનો કાબુ ગુમાવશો તો વ્યક્તિ સાથેનાં સંબંધો તૂટી જશે. વધુ પડતી કડક, પકડ અને કડવાશ વાણી રાખવી ન જોઈએ. એક વાર સંબંધ તૂટી ગયા પછી તેને તમે સાંધશો તોય પણ વચમાં ગાંઠ અવશ્ય રહી જશે. સંસારમાં આવા પ્રસંગો ડગલેને પગલે આવતા જ રહેવાના છે, માટે વાણીને વિવેક પૂર્વક સંયમમાં રાખવી જોઈએ અને સર્વે સાથે સંબંધ ટકાવી રાખવા જોઈએ.

વાણીને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. અગ્નિ પ્રકાશ પણ આપે છે અને બાળી પણ નાખે છે, એજ રીતે વાણીનો સદુપયોગ કરતાં આવડે તો ઘણા લોકોનાં જીવનમાં શાંતિ આપી શકાય છે અને દુરુપયોગ કરવામાં આવે તો અનેકના જીવનમાં શાંતિરૂપી જળ ડહોળાઈ જાય છે.

"કોયલ નવ દે કોઈને, હરે ન કોનું કાગ;
મીઠાં વચને સર્વનો, કોયલ લે અનુરાગ."

ભક્તો ! કોયલ સર્વત્ર આદરપાત્ર બને છે, કિંતુ કાગડો તિરસ્કારને પાત્ર બને છે. આનું કારણ શું ? કેવળ બોલવાની

વચન પદ્ધતિ ! આજ વાત અપનાવવાની છે આપણે આપણા જીવનમાં આદરપાત્ર બનવું છે કે તિરસ્કારને પાત્ર એ આપણા હાથમાં જ છે આપણી વાણી સૌમ્ય વચન પદ્ધતિ હશે તો સર્વત્ર આદરણીય બની શકીશું. અને જો કર્કશ વચન પદ્ધતિ હશે તો સર્વત્ર તિરસ્કારણીય બની જઈશું.

એક બાપ-દીકરા વચ્ચે ઝઘડો થતાં, પુત્ર તેના પરિવારને લઈને જુદો રહેવા ચાલ્યો ગયો. ૧૦ વર્ષ પછી બાપ હતો તે મીઠાંઈનાં પેકેટ લઈને પુત્રને ઘરે આવ્યો. પોતાના પિતાને જોઈને પુત્ર આશ્ચર્ય પામ્યો, પણ અબોલાને કારણે રૂમની બહાર જતો રહ્યો.

સસરાને જોઈ પુત્રવધુએ કહ્યું : “બાપુજી ! મીઠાઈ લાવવાનો ખર્ચ નકામો કર્યો. ત્યારે સસરાએ કહ્યું : “દરરોજ ઘણા પેકેટો ઓફિસે ભેટ આવે છે તે હું નોકરને આપી દેતો; પણ આજે તે પેકેટો તમારાં બાળકો માટે લાવ્યો છું.” આવું સાંભળી પેલીને ક્રોધ ચઢ્યોને બરાડી : “અમારી કિંમત તમે નોકર જેટલી સમજો છો?”એમ કહી મીઠાઈનું બોક્સ સસરાના મુખ પર ફેંક્યું, તેથી પેલાને આઘાત લાગ્યો ને મૃત્યુ પામ્યો!

## “વાણીને કેવી રીતે બોલવી ?”

પોચાં શા હૈયાને પીંજવામાં વાર શી ?
માનવીનાં હૈયાને નંદવામાં વાર શી ?
– ર. સૂરિ

માણસનું હૈયું તો કાચના વાસણ જેવું છે. જરાક નાનો સરખો પણ ધક્કો લાગે તો એ તૂટી જાય એવી સંભાવના છે.

અને એટલે જ વાણીનો ઉપયોગ કરતાં ખૂબ જ કાળજી રાખવાની છે. આગળના દૃષ્ટાંતમાં બન્ને પક્ષે વાણીનો દુરુપયોગ થયો છે. બાપને એવું બોલવાની જરાય જરૂર ન હતી કે, "આમેય મીઠાઈનાં પેકેટો હું નોકરોને આપી દઉં છું, પણ આજે અહીં લાવ્યો છું."

આ શબ્દોએ જ પુત્રવધુને ઉશ્કેરી હતી અને તેણે પણ વાણીનો સંયમ ગુમાવ્યો ને અંતે તે પોતાના સસરાના મૃત્યુની કારણ બની ગઈ. દરેક લોકોએ જગત વચ્ચે રહીને પોતાના વિચાર, વાણી અને વ્યવહાર પર સામાની વિચારસરણીની શક્યતાને લક્ષ્યમાં લઈને ખુબ જ જાગૃત રહેવાની જરૂર છે. કારણ કે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ આજુબાજુના અનેક લોકો પર જાતજાતની અસર નિપજાવી શકે તેમ છે.

એક રીતે જોઈએ તો બીજા સાથે સંબંધો બાંધવા માટે કે તોડવા માટે વાણી એટલી બધી તાકાતવાન છે કે તેનું વર્ણન જ ન થઈ શકે; માટે વાણી એવી બોલો કે જેથી શત્રુ પણ એમાં મોહિત થઈ જાય ! વાણીના મોહાસ્ત્રમાં શત્રુની શત્રુતા મરી જાય એ જ વાણી શ્રેષ્ઠ કહી શકાય છે. હેન્રી વોર્ડ કહેતા કે, "તમારા શબ્દો છે એ વિચારને ટાંગવાની ખીંટીઓ છે !"

શબ્દોમાં ખૂબ તાકાત છે. તે લોખંડના બાણ કરતાં પણ ધારદાર છે. તે હૃદયને સોંસરું વીંધી નાખે છે. શબ્દોને જો વાપરતાં ન આવડે તો રુઝવવા કરતાં તે વધારે ઈજા કરે છે. આપણા મુખમાંથી નીકળતા શબ્દો, આપણા મનના વિચારોની ચાડી ખાતા હોય છે ! કદાચ દંભને કારણે અમુક સમય માટે આપણે વિચારને દબાવીને જુદું જ બોલી શકીએ તેવું બને, પરંતુ અવસર આવે ત્યારે તો અંદર જે બેઠું હોય તેજ નીકળવાનું છે.

વાણીનો જો સદુપયોગ કરીએ તો જિંદગીનો અડધો જંગ તો તેનાથી જ જીતી શકાય છે. ભાષા તો માણસના મનની આત્મકથા છે. મધુર, પ્રેમપૂર્ણ અને યથાયોગ્ય આદર યુક્ત વાણી તો આપણા ચારિત્ર્યની એક મુખ્ય પારાશીશી છે. અર્થાત્ થર્મોમીટર છે. આપણને શ્રીહરિજીએ જેવી વાણી આપી છે તેવી વિશ્વમાં કોઈપણ પ્રાણીઓ કે પક્ષીઓને આપી નથી.

આટલા બધા અક્ષરો (સ્વરો અને વ્યંજનો) બોલવાની અદ્ભૂત શક્તિ એ માનવના સર્વોચ્ચ વાચિક વિકાસનું અકાટ્ય પ્રમાણ છે. વાણી એ રામાયણનાં પાત્રોની જેમ શાંતિ પમાડી શકે છે અને વાણી જ મહાભારત જેવા વિરાટ માનવ–સંહારને પણ નોતરી શકે છે. કેવી રીતે વાણીનો ઉપયોગ કરવો એના માટે આપણે સ્વતંત્ર છીએ.

## "વાણીને ગાળીને વાપરવી"

અતિ ઘણું નહિ તાણીએ, તાણ્યું તૂટી જાય;<br>
તૂટ્યા પછી જો સાંધીએ, તો વચ્ચે ગાંઠ રહી જાય.

કડવાં કવેણ ક્રોધથી ન બોલાય તે માટે જાગ્રત રહેવું જોઈએ. ક્રોધાવેશમાં માણસ શું બોલી નાખે છે તેનો વિવેક તેને પોતાને પણ રહેતો નથી. પોતાના પરથી જ કાબુ ગુમાવી દેવાય છે અને મન અસ્વસ્થ થઈ જાય છે, તેથી શું બોલવું અને ન બોલવું તેનું ભાન રહેતું નથી.

એક વાત યાદ રાખો કે, કાતરથી કપાયેલ કાપડ સોયથી સાંધી શકાય છે, પણ જીભથી કતરાયેલા મનને કોઈ પણ સોય–દોરાથી સાંધી શકાતું નથી, માટે ખરાબ શબ્દો બોલતા પહેલાં

ખૂબ ખ્યાલ રાખવો જોઈએ. શબ્દરૂપી એક કાંકરી પણ અંતરને હચમચાવી નાખે છે. તળાવના શાંત જળમાં પથ્થર ફેંકવાથી તેનાં કુંડાળાં કિનારા સુધી અથડાય છે, તેમ હૃદયરૂપી શાંત સરોવરમાં કડવાં વેણરૂપી એક કાંકરી પડી જાય તો પણ વિચારોરૂપ કુંડાળાં મનરૂપી કિનારા સુધી અથડાય છે.

શબ્દ તો કલ્પવૃક્ષ છે. તે ધારે તેવું કરી શકે છે. તે મહાભારત સર્જી શકે છે અને જીવન ઉન્નત પણ બનાવી શકે છે. શબ્દ સુખનો પણ દાતા છે અને શબ્દ જ દુ:ખનો પણ દાતા છે ! આપણા શબ્દો સાચા હોય એટલું પૂરતું નથી, પરંતુ મીઠા પણ હોવા જોઈએ. સજ્જન લોકો આંધળાને સુરદાસ કહે છે, જાટને ચૌધરી કહે છે, હજામને નાઈ કહે છે અને ઢેડ ને હરિજન કહેતા હોય છે. એક સ્ત્રીને તેના દિયરે કહ્યું: “કાણી ભાભી પાણી લાવો.” ત્યારે પેલી સ્ત્રી કહે: “કૂત્તે કો દૂંગી, લેકિન તુઝે નહિ.”

સહુ કોઈને પૂર્વના કર્માનુસાર સારા-નરસા દેહની પ્રાપ્તિ થતી હોય છે. કોઈકને કાળના યોગે કરીને એક્સિડન્ટમાં કે ઝઘડો કરતાં શરીરના હાથ-પગ કપાઈ ગયા હોય છે કે આંખો ફૂટી ગઈ હોય છે, પરંતુ તેવા લોકોને તેવા નામથી બોલાવતાં તેઓને દુ:ખ થતું હોય છે, માટે મૂળ નામથી જ બોલવવા જોઈએ. ઘણા લોકો પોલિયાને અભાવે અપંગ થઈ જતા હોય છે, તો ઘણાની આંખો ઝામરના રોગને કારણે બંધ થઈ ગઈ હોય છે. માટે માનવીની મજબૂરી અને પરવશતાને કડવી વાણીથી ક્યારેય વીંધવી નહિ.

એક વિચાર કરવો કે હું અપંગ હોઉં અને મને કોઈ લુલો કહે તો મને ગમે ખરું ? હું સુરદાસ હોઉં અને મને કોઈ

આંધળો કહીને બોલાવે તો મને ગમે ખરું ? હું કાનથી ઓછું સાંભળતો હોઉં અને મને કોઈ બહેરો કહે તો મને ગમે ખરું ? જો એનો જવાબ ના માં આવતો હોય તો આપણે એવી વ્યક્તિને એવા નામથી બોલાવીએ છીએ તો તેને પણ ન જ ગમતું હોય. કદાચ પરવશ બની આપણને કંઈ કહે નહિ, તોપણ તેના અંતરમાં તો દુઃખ થતું જ હોય છે, માટે ખોડ–ખાંપણવાળા લોકોને તેઓના નામથી બોલાવી આપણી વાણીને વિવેકશાળી બનાવવી જોઈએ.

## “મધુરવાણીમાં પણ વિવેકની જરૂર”

સમય વિના શોભે નહિ, પરમાત્માનું નામ;
વિવાહ ટાણે ગણપતિ ને મરવા ટાણે રામ.

ભગવાનનું નામ તો ખૂબ પવિત્ર મનાય છે. ને લેવાથી પાપ પણ બળી જાય છે, આવું શક્તિશાળી ને મુક્તિ અપાવનારું પ્રભુનું નામ છે, છતાં પણ ક્યારે બોલવું ક્યારે ન બોલવું એનો પણ વિવેક રાખવો જોઈએ. કોઈના લગ્ન થતાં હોય ત્યારે વરઘોડિયાં ફેરા ફરતાં હોય તે સમયે આપણે જઈને ઊંચ્ચ સ્વરેથી **“રામ બોલો ભાઈ રામ, રામ બોલો ભાઈ રામ”** આવું બોલવા લાગીએ તો કેવું લાગે? લોકો શું કહે ?

ગણપતિદાદાને પણ સહુ કોઈ પ્રથમ યાદ કરતા હોય છે, પરંતુ કોઈનું મરણ થઈ ગયું હોય અને ત્યાં જઈને શરૂ કરીએ:

ગણેશ દુંદાળા ને લાંબી સૂંઢાળા,
શંકર પાર્વતીના જાયા રે, મારા ગણેશ દુંદાળા.

તુરંત લોકો બોલતા બંધ કરી દે. તો પરમાત્માનાં ગુણ–

ગાન કરવામાં પણ પ્રસંગને અનુરૂપ વિવેકપૂર્ણ વાણીની જરૂર છે તો પછી વ્યવહારમાં તો જરૂર પડે જ ને ?

દરેક પશુ–પક્ષીઓ એક જ રીતે બોલી શકે છે, પરંતુ માણસ ઉપર ભગવાનની વિશેષ કૃપા હોવાથી માણસ ધારે તો હંમેશાં સારું પણ બોલી શકે છે. વાક્યો અને પેરેગ્રાફ મુજબ વિભાગવાર બોલવું એ માત્ર માણસની મોનોપોલી (હક્કપણું) છે. ગાળ કે ગીત બોલવું તે તેની ઈચ્છાની વાત છે.

મધુરવાણીથી જ દરેકને બોલાવવા જોઈએ, પરંતુ એમાં પણ વિવેકની જરૂર પડે છે. આપણાં સગાં–સંબંધી અને ઓળખાણવાળા લોકોને મધુરવાણીમાં હિતકારિતા ભેળવીને બોલાવવા જોઈએ. કારણ કે એકલી મીઠી વાણી ખોટી ખુશામત બની જતી હોય છે અથવા તો આપણો સ્વાર્થ સિદ્ધ કરવાનો ઉપાય પણ બની જતો હોય છે.

પારધીએ વગાડેલ સંગીત તો મધુર જ હોય છે, પણ અંતમાં તો એ હરણના પ્રાણ હરવા માટે જ તેનો ઉપયોગ થતો હોય છે; તો કેવળ મધુરવાણી જ નહિ, પરંતુ તે હિતકારી પણ હોવી અનિવાર્ય છે.

આંખ, કાન અને નાક બબ્બે હોવા છતાં એક જ કામ કરે છે, જ્યારે જીભ એક જ છે છતાં બબ્બે કામ કરે છે. વાદ કરવાનું અને સ્વાદ કરવાનું ! બન્નેમાં ધ્યાન ન રાખીએ તો મુશ્કેલી ઊભી થાય. વાદમાં ધ્યાન ન રાખીએ તો કોઈ સાથે ઝઘડો થાય ને સંબંધો બગાડે અને સ્વાદમાં પેટ બગાડે ને બીમારી આવે. એક વાત યાદ રાખો, જો આપણે લોકપ્રિય બનવું હોય તો મીઠી અને હિતકર વાણી બોલવાનો મહાવરો રાખવો જોઈએ.

# "આધ્યાત્મિક વાણી"

સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામી વાત કરતા કે, એકવાર ભગવાન દત્તાત્રેયે સાધ્ય દેવોને કહ્યું હતું : "હે સાધ્યદેવ ! ક્રોધયુક્ત એવી વાણી ન બોલવી; કારણ કે એવી વાણી તે આ લોકને વિષે પુરુષના મર્મ સ્થળનાં જે હાડકાં, હૃદય તથા પ્રાણ એ સર્વેને બાળી નાખે છે. તે કારણપણા માટે ધર્મવાળો જે પુરુષ તે બીજાને બાળે એવી જે રૂખી વાણી તેને ક્યારેય ન બોલે.

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન સારંગપુરના છઠ્ઠા વચનામૃતમાં વાણીના ચાર વિભાગ સમજાવતાં કહે છે કે, "જીવના દેહને વિષે પણ ચાર વાણી કહીએ તે સાંભળો. પુરુષોત્તમ ભગવાન તે જીવને વિષે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, એવા ભગવાન પૃથ્વી પર અવતાર ધારણ કરે ત્યારે ભગવાનનાં જે ધામ, ગુણ અને ઐશ્વર્ય તેનું પ્રતિપાદન કરે તથા તેનાં ચરિત્રોનું વર્ણન કરે, આત્મા–અનાત્માનો વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ તેના ભેદને પૃથક પૃથક કહી દેખાડે એવી જે વાણી તેને પરાવાણી કહીએ.

અને જે માયિક પદાર્થ તથા વિષય તેમને વિવેકે સહિત યથાર્થપણે કહી દેખાડે તેને વૈખરી વાણી કહીએ. અને પદાર્થને ને વિષયને ભ્રાંતિએ (અસ્પષ્ટ) સહિત અયથાર્થપણે કહી દેખાડે તેને મધ્યમા વાણી કહીએ. અને એ પદાર્થને ને વિષયને અંધઅંધ સરખું કહી દેખાડે ને કાંઈ સમજ્યામાં ન આવે તેને પશ્યંતિ વાણી કહીએ."

સદ્ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, "જેવા શબ્દ સાંભળે તેવો જીવ થઈ જાય છે, માટે બળિયા ભગવાનના ભક્ત

હોય તેના શબ્દો સાંભળીએ તો જીવમાં બળ આવે, પણ નપુંસકને સંગે બળ પમાય નહિ, વળી જ્ઞાનના શબ્દ પાડવા, કેમ જે શબ્દે કરીને તો દેહ બંધાય છે.

ગાયને વાઘ કરી દે એવા માણસો હોય છે. ચાર ચોરે શણગારેલી ગાય દીઠી. તે લઈ લેવા ધાર્યું. પછી ઓલ્યા બ્રાહ્મણને કહે : "તને તો એણે બાપ મર્યા કેડે વાઘ દીધો ?" ત્યારે તે બ્રાહ્મણ કહે : "આ તો ગાય છે." પછી આઘે જતાં વળી બીજાએ કહ્યું : "અરે ! આ વાઘ લઈને ક્યાં જાય છે ?" ત્યારે બ્રાહ્મણને ભ્રાંતિ પડી! પછી ત્યાંથી દૂર જતાં ત્રીજાએ પણ એમ કહ્યું. ત્યારે તો ઘણી જ ભ્રાંતિ પડી ! ને છેટે છેટે ચાલવા લાગ્યો.

પછી આગળ જતાં ચોથાએ કહ્યું ત્યારે કહે : "હા ભાઈ! સૌ કહે છે તેથી આ વાઘ જ હશે" પછી મૂકી દીધી !" જોઈને શબ્દોની તાકાત ? ગાય હોવા છતાં વારંવાર શબ્દોનો વરસાદ વરસાવવાના કારણે બ્રાહ્મણે ગાયને વાઘ માની લીધો ને અંતે છોડીને જતો રહ્યો. આ પ્રસંગમાંથી આપણે એ સમજવાનું કે, કુસંગીઓના શબ્દો આપણા ધર્મ-નિયમ છોડાવી દે છે, માટે તેઓની વાણી સાંભળવી જ નહિ; કેવળ સંતો અને ભક્તોની જ સારી વાત સાંભળવી.

## "બહુ બોલ્યામાં માલ નહિ"

"શબ્દે માર્યાં મરીયા અને શબ્દે છોડ્યાં રાજ
જેણે શબ્દો બચાવીયા તેના સરીયાં કાજ"

આ પંક્તિમાં કવિનું કહેવું છે કે, શબ્દે કરીને અનેક રાજાઓએ પોતાનાં રાજ્યો છોડી દીધાં છે. મહાભારતમાં ઘણા

પ્રસંગો આવે છે કે રાજાઓ રાજ્યનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા હતા. તેમાં અમુક કારણો પોતાના પરિવારના લોકોનાં મહેણાં સાંભળવાનાં હતાં, અમુક કારણો કોઈને આપેલ વચનના હતાં અને અમુક કારણો સાધુ-સંતોના ઉપદેશથી અથવા સ્વયં શાસ્ત્રોના વાંચનથી વૈરાગ્ય પામી ચાલ્યા ગયા હતા. પરંતુ અંતે તો સર્વનું કારણ શબ્દો જ હતા!

એ જ રીતે શબ્દને કારણે તો અનેક લોકો આપઘાત કરે છે ! આજે સમાજમાં કેટલી બધી આત્મહત્યાઓ થઈ રહી છે? તેમાં ઘણી આત્મહત્યાઓ મહેણાં-ટોણાં (શબ્દો)થી પણ થાય છે. સાસુનાં મહેણાં, નણંદના મહેણાં અને પતિના મહેણાંથી ઘણી સ્ત્રીઓ મરતી હોય છે. હવેના સમયમાં તો વહુનાં મહેણાંથી અમુક જગ્યાએ સાસુઓ પણ આપઘાત કરતી હોય છે તે વિષે એવા પણ પ્રસંગો બને છે. સદ્‌ગુરૂ અક્ષરાનંદ સ્વામી એક પ્રસંગ કહેતા હતા તે જોઈએ.

એક ભોળો ખેડૂત હતો. પરંતુ તેની ઘરવાળી આકરી હતી. તેણે નક્કી કર્યું હતું કે, મોકો મળે એટલે મારા ધણીને મારી નાખીને બીજાનું ઘર માંડવું. અર્થાત્ બીજાને પતિ બનાવવો. એકવાર વાડીએ ગઈ, ત્યારે ખેડૂતે પાણી ભરી લાવવાનું કહ્યું. એટલે પેલી કહે : ‘મને સીમના કૂવાનું પાણી સીંચતાં આવડે નહિ, તેથી શીખવાડવા ચાલો.”

ખેડૂત જઈને પાણી સીંચવા લાગ્યો. તેજ સમયે પેલીએ પાછળથી ધક્કો માર્યો ! તેથી પેલો કૂવામાં પડી ગયો. પછી પેલી ઘેરે આવતી રહી. આ બાજું પેલાને કૂવામાં ઝાડનાં મૂળીયાં હાથમાં આવી ગયાં તેથી બચી ગયો. પછી ભરવાડોએ બહાર કાઢ્યો. તેથી ઘેર આવ્યો. આવીને પત્નીને કંઈપણ કહ્યું નહિ

તેથી પેલીને થયું : "આવો પતિ બીજે નહિ મળે, માટે અહીં જ રહું." સમય જતા એક દીકરો થયો. તે મોટો થયો એટલે તેનાં લગ્ન કર્યાં. પછી તેની વહુ આ ખેડૂતને પગે લાગવા આવી ત્યારે બોલ્યો : "વહુ બેટા ! બહુ બોલ્યામાં માલ નહિ."

એક સમયે સાસુ બહારગામ ગઈ હતી ત્યારે વહુએ પુછાવ્યું કે, "હું તો કંઈ બોલતી નથી તોય કેમ કહો છો કે બહુ બોલ્યામાં માલ નહિ ?" પછી ખેડૂતે બધી વાત કરી કે, "તમારી સાસુને બીજો ધણી કરવો હતો તેથી મને કૂવામાં નાખી દીધો હતો, પણ હું બચી ગયો ને કંઈ ન બોલ્યો તેથી દીકરો થયો ને તમે આવ્યાં."

પછી સમય જતાં સાસુ-વહુને ઝઘડો થયો ત્યારે વહુએ કહ્યું : "બહુ ચોખી શું થાય છે ? મારા સસરાને કૂવામાં નાખી દઈને બીજે ઘર માંડવા જતી હતી ને અત્યારે શું લવરી કરે છે ?" આવાં વે'ણ સાંભળીને સાસુનું અંતર વીંધાઈ ગયું, તેથી કૂવામાં પડીને મરી ગઈ ! એટલા માટે તો કવિએ લખ્યું : "શબ્દે માર્યાં મરીયા."

## "ગાળો બોલવાનું પરિણામ"

કુંડળવાળા પૂજ્ય જ્ઞાનજીવન સ્વામી એક પ્રસંગ અમુકવાર કથામાં કહે છે તે જોઈએ. એક ડોસાને ગાળો દેવાની ટેવ હતી એટલે દરરોજ વહેલો ઊઠીને પોતાના દીકરાઓની વહુઓને ગાળો દેતો દેતો જગાડે. દરરોજના કંકાસથી વહુઓ કંટાળી ગઈ. પછી એક દિવસ પોતાના સાથી (નોકર)ને કહ્યું : "ગમે તેમ કરીને આ ડોસાને ઠેકાણે પાડી દે (મારી નાખ).

એક દિવસ ઘરના લોકો વાડીએ મગફળી લેવા ગયા હતા. ત્યારે પાછળથી ડોસો પણ ગયો. સાંજ પડી એટલે સીંગનું ભરોટું ભરીને (મગફળીના છોડને વ્યવસ્થિત ગાડીમાં ગોઠવીને) નોકર ચાલવા તૈયાર થયો એટલે છોકરાઓએ ભાભાને ભર ઉપર બેસી જવાનું કહ્યું, તેથી ડોસો ઉપર ચઢીને બેસી ગયો. ગાડું ચાલવા લાગ્યું એટલે રસ્તામાં ઢાળ આવ્યો. પેલી વાત સાથીએ યાદ રાખી હતી તેથી એકદમ બળદો દોડાવ્યા. તે સમયે એક મોટો ઊંડો ખાડો આવ્યો તેના કારણે મોટો થડકો લાગ્યો એટલે ઉપર બેઠેલ ડોસો નીચે ગબડી પડ્યો !

રસ્તાની બાજુમાં એક પાણીનું તલાવડું ભરેલું હતું તેમાં પડ્યો ને ડૂબી ગયો ! નોકરે જોયું પરંતુ ગાડું ઊભું ન રાખ્યું. સાંજે સૌ ઘેર આવ્યા. ભાભાને જોયા નહિ તેથી દીકરાઓએ નોકરને પૂછ્યું: "અમારા દાદા ક્યાં ગયા છે ?" ત્યારે નોકર બોલ્યો : "મેં તો પાદરમાં ગાડું ઊભું રાખ્યું હતું તેથી ઉતરી ગયા હશે." સાથીએ બૈરાંઓને બધી વાત કરી દીધી તેથી તેઓ રાજી થઈ ગયાં.

પછી રાત્રે છોકરાઓ પોતાના દાદાને ગોતવા વાડીના રસ્તે ગયા, પણ મળ્યા નહિ. સવારે તપાસ કરી તો મરેલ ડોસો પાણીમાં પડ્યો હતો ! માટે તો મહાપુરુષો કહે છે કે, બહુ રૂઆબમાં બોલવાથી બીજાના હૃદયને ધક્કો લાગે છે. લાકડીનો માર ભૂલાઈ જાય છે, પરંતુ શબ્દરૂપી માર ક્યારેય પણ ભૂલાતો નથી, એટલે ડોસાની જેમ જે દાદાઓનો સ્વભાવ હોય તેઓએ બહુ ખટપટ કરવી ન જોઈએ, નહિતર ક્યારેક આ ડોસા જેવી દશા થવાની સંભાવના છે !

# "શ્રીહરિજીનો આદેશ"

હે ભક્તો ! હરિલીલામૃતના સાતમા કળશના ચોવિશમા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે કે, એકવાર શ્રીજી મહારાજ સભા કરીને સારંગપુરમાં ભક્તરાજ જીવા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. તે સમયે મહાદેવજી દિગંબર સાધુનું રૂપ લઈને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે સભામાં આવીને દૂર ઊભા રહ્યા. ત્યારે સુરાખાચરે સાધુને નગ્ન જોઈને ગાળ દીધી : "કહ્યું આ જો ગધેડીનો બાવો, ફરે વસ્ત્ર વિના નગ્ન આવો."

પછી મહાદેવ તો દર્શન કરીને જતા રહ્યા. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "તમો અમારી સાથે રહો છો, છતાં ગાળો બોલો છો તે તમોને શોભે ખરું ? તમોએ જે જોગીને ગધેડીનો કહી ગાળ દીધી તે શંકર પોતે હતા ! ભક્તોનાં મુખમાંથી ક્યારેય પણ ગાળ ન નીકળે તે જ સાચો ભક્ત કહેવાય છે. સાંભળો સુરા ભક્ત !

(ઉપજાતિવૃત્ત)

"જો કોઈને ગાળ કદાપી દે છે, દેનાર તેતો હલકો દિસે છે
સાંખી રહે તે જ મનુષ્ય સારું, દેનારનું મોઢું દિસે નઠારું
પીંજારી ગાળે લડવા જ ધાય, રાણી સુણીને શરમાઈ જાય
જો સામી ગાળો ઉચરે જ રાણી, રાણી નહિ તેહ પીંજારી જાણી
ગાળો દીધાની પડી ટેવ જેને, રહે નહિ કાંઈ વિચાર તેને
સાળો કહે છે સુતને દહાડી, માને કહે છે મુખથી ગધાડી
જે આપ મોઢે અપશબ્દો બોલે, તો તેની વાણી ખરવાણી તોલે
ભલે કદી માણસ હોય મોટો, તથાપિ તે તો ખરનાથી ખોટો
જે મુખને પાન ભલા જ ભાવે, તે કોયલા કેમ કદાપિ ચાવે
જે કૃષ્ણનું નામ જપે ત્રિકાળ, તે મુખ બોલે કદી કેમ ગાળ"

# "ધર્મે બોલવું"

સ્વામિનારાયણ મહાપ્રભુએ શિક્ષાપત્રીના ૨૦ મા શ્લોકમાં અને ૨૦૧ મા શ્લોકમાં પણ સ્પષ્ટ લખ્યું છે કે, "મારા આશ્રિતોએ ક્યારેય પણ ગાળ બોલવી નહિ અને અજ્ઞાની જીવ ગાળ દે તો પણ તેને સામી ગાળ ન દેવી." ધર્મમાં રહીને બોલવાની વાતનો અર્થ જ એ થાય છે કે, ગાળો ન બોલવી, ફિલ્મોનાં ગીત ન ગાવાં અને ફાગ પણ ન ગાવી ?

દોઢસો વર્ષ પહેલાં હોળી ઉપર ફાગ બોલવાનો રીવાજ હતો. તે લયમાં અને પહાડી રાગમાં ગવાતી. તેમાં આવતાં શબ્દોના બિભત્સ અર્થ થતા હોય છે, તેથી શ્રીહરિજીએ ફાગ બોલવાની પણ દરેક સત્સંગીઓને ના કહેલ હતી. તેના કારણે તો પીઠવાજાળના દેવશી ભગતે પોતાનું વતન છોડી દીધું હતું.

લુહાર જ્ઞાતિના દેવશી ભક્ત સત્સંગ થયો તે પહેલાં દર હોળીના દિવસે ફાગ બોલીને ગામના દરબારને અને કુસંગીઓને ખુશ કરતા હતા. પરંતુ સત્સંગ થયા પછી ફાગ બોલવાનું બંધ કર્યું એટલે દરબારે કહ્યું કે, "જો ફાગ ન બોલવી હોય તો મારા ગામમાંથી જતો રહે." તુરંત જ પીઠવાજાળનો ત્યાગ કરી શેત્રુંજી નદીના કાંઠે આવેલ આંબા ગામમાં જતા રહ્યા હતા. પછી ત્યાં તેઓએ પોતાની પુત્રવધુનાં અને પરિવારનાં જેટલાં સોનાનાં આભૂષણો હતાં તે બધાં જ વેચીને મંદિર કર્યું હતું !

આવી નિષ્ઠા જોઈને શ્રીજી મહારાજે તેઓને દર્શન દઈને કહેલ કે, "દીકરાની જાન લઈને અમરેલી જરૂર જજો, પરંતુ દાગીનાના અભાવે લગ્ન બંધ રાખતા નહિ." પછી લગ્ન સમયે માંડવામાં વેવાઈએ કન્યા માટે આભુષણો માગ્યાં. તે સમયે જ શેઠનું રૂપ લઈ સહજાનંદ પ્રભુ આભુષણો આપી ગયાં ને ત્યાં જ અદૃશ્ય થઈ ગયા હતા ! તો દરેક લોકોએ વ્યવહારિક માર્ગમાં અને આધ્યાત્મિક માર્ગમાં વિવેક યુક્ત વાણી બોલીને પોતાનું જીવન સાર્થક કરી લેવું જોઈએ.

# "શબ્દોના ચાર વિભાગ"

હે ભક્તો ! મારી દૃષ્ટિએ શબ્દને ચાર વિભાગમાં વહેંચવો હોય તો તેના ઉપયોગને આધારે ચાર ભાગમાં સમાવી શકાય છે. ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ અને અધમ આ ચાર વિભાગ કરી શકાય છે.

ઉત્તમ શબ્દ એને કહી શકાય કે, જે શબ્દનો સંબધ આધ્યાત્મિકતા સાથે હોય. કથા કરવામાં, કીર્તનો બોલવામાં, પ્રભુ સ્મરણ કરવામાં અને મુમુક્ષુ લોકોને મુક્તિનો માર્ગ સમજાવવામાં જે શબ્દોનો ઉપયોગ થતો હોય એને ઉત્તમ શબ્દ કહેવાય છે.

મધ્યમ શબ્દનો સંબંધ સમાજ સેવા સાથે છે. ગુરૂકુળો માટે, પાંજરાપોળો માટે, ગરીબ લોકો માટે, અનાથ–આશ્રમો માટે, વિધવા અને અસહાય સ્ત્રીઓ માટે તેમજ દરેક જીવ પ્રાણીમાત્રના જીવન નિર્વાહ માટે પ્રવચનો દ્વારા જે શબ્દનો ઉપયોગ થતો હોય તેને મધ્યમ શબ્દ કહી શકાય છે.

કનિષ્ઠ શબ્દનો સંબંધ કુશળ વ્યવહાર સાથે છે. પરિવાર માટે, સમાજ માટે અને નોકરી–ધંધા માટે જે શબ્દોનો પ્રયોગ થતો હોય તેને કનિષ્ઠ શબ્દ કહી શકાય છે. અને અધમ શબ્દનો સંબંધ અધાર્મિકતા સાથે છે. ગાળો દેવા માટે, ફિલ્મ ગીતો ગાવાં માટે, અનીતિથી રૂપિયા કમાવા માટે અને અશ્લિલ વાતો કરવા માટે જે શબ્દનો પ્રયોગ થતો હોય તેને અધમ શબ્દ કહી શકાય છે.

ઉત્તમ શબ્દનો ઉપયોગ કરવાથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે, મધ્યમ શબ્દોના ઉપયોગથી મધ્યમ લોકની પ્રાપ્તિ થાય છે, કનિષ્ઠ શબ્દનો ઉપયોગ કરવાથી કનિષ્ઠ લોકની પ્રાપ્તિ થાય છે અને અધમ શબ્દનો દુરુપયોગ કરવાથી અધમ લોકની

પ્રાપ્તિ થાય છે. ઉપરોક્ત કહેલ ચાર પ્રકારના શબ્દોમાંથી ક્યા શબ્દોની પસંદગી કરવી એના માટે આપણે સ્વતંત્ર છીએ.

## "શબ્દોની તાકાત"

આ અધ્યાત્મ જગત છે, તેથી જાગૃતિ અહીં મહત્ત્વની છે. એક નાનો એવો શબ્દ પણ ઉથલ-પાથલ કરી નાખવાની શક્તિ ધરાવે છે. અર્થાત્ શબ્દ છે તે અણુબોંબ છે ! રસોઈમાં પડતું ચપટી મીઠું પણ જેમ રસોઈને સ્વાદિષ્ટ બનાવી દે છે; દૂધના તપેલામાં પડતાં લીબુંનાં પાંચ ટીપાં જેમ દૂધને ફાડી નાખે છે, તેમ અધ્યાત્મ જીવનમાં એક શબ્દ પણ તીવ્ર જાગૃતિ લાવી દે છે અને ભૌતિક જગતનો એક શબ્દ પણ જાગૃત વ્યક્તિને અંધકારમાં ધકેલી દે છે !

## "સાધુ સંસારી બની ગયો !"

કંડારી ગુરૂકુળના સંસ્થાપક અને પોષક એવા મારા ગુરૂશ્રી પ્રસંગોપાત વાત કરે છે કે, "હેમાળ ગામનો એક મુમુક્ષુ જૂનાગઢમાં સાધુ થયેલ. એકવાર તે તેઓના ગુરૂ સાથે એક ગામમાં પધરામણીએ ગયેલ. ત્યાં તેની પૂર્વાશ્રમની ભાભી આવી હતી. તેણે બીજી સ્ત્રીને કહ્યું : "આ સાધુ છે તે મારા દિયર છે. આ કેવા રૂપાળા છે, સંસારમાં શોભે એવા છે. હજું ઘેર આવે તો લાડેકોડે પરણાવું."

આ શબ્દો પેલા સાધુએ સાંભળ્યા તુરંત મનમાં તોફાન શરૂ થઈ ગયું અને અંતે શબ્દનો વિજય થયો ! તેથી ઘેર જતો રહ્યો." જોઈને ભક્તો ! શબ્દની તાકાત ?

## "શબ્દોને કારણે"

ભક્તો ! આધ્યાત્મિકમાર્ગ હોય કે વ્યવહારિક, શબ્દોની અસર બન્ને માર્ગમાં થાય છે. અને તે એકવારનો પ્રસંગ તેઓના જીવનમાં હંમેશાંને માટે યાદગારનો પ્રસંગ બની જતો હોય છે. જો તે શબ્દો નેગેટિવ હોય તો જીવનને અધોગતિના માર્ગે ધકેલી દે છે અને જો તે શબ્દો પોઝિટિવ હોય તો મુક્તિના પંથે પ્રગતિ કરવા મંડી પડે છે.

અંત:શત્રુઓથી ભરેલું અંતર હોય અને વિષય સંબંધી શબ્દોનો યોગ થાય એટલે તુરંત મન, વિષય મેળવવા માટે તલપાપડ થઈ જાય છે; એજ રીતે મુમુક્ષુતાથી અંતર ભરેલું પડ્યું હોય પણ કુસંગે કરી વ્યક્તિ વિષયી બની ગઈ હોય તેને જો મહાપુરુષના ઉપદેશાત્મક શબ્દોનો સંયોગ થાય કે તુરંત તેનું મન પણ સદ્‌ગુણો ને સર્જનહાર મેળવવા માટે તલપાપડ બની જતું હોય છે; તેના વિષેના ટુંકમાં થોડા પ્રસંગો જોઈએ.

## "ભાઈ રામદાસજી"

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રથી સોરઠમાં આવતા હતા ત્યારે કાનમ પ્રદેશના સારંગ ગામના (કંડારીની બાજુમાં) એક ખેડૂત ખેતરમાં હળ ચલાવતા હતા તેઓને કહ્યું : "હવે ક્યાં સુધી હળ ચલાવવું છે ? ભગવાન ભજો." આટલા શબ્દો સાંભળતાવેંત બળદોને ગામમાં મોકલી દીધા અને પોતે ત્યાંથી જ રામાનંદ સ્વામી સાથે જતા રહ્યા. તે ખેડૂત બીજા કોઈ નહિ, પરંતુ આપણા "ભાઈ રામદાસ સ્વામી" પોતે !

## "બિલ્વમંગળ"

બિલ્વમંગળ સંગે કરી મહાકામી બની ગયો હતો. એક દિવસ પણ વેશ્યા વિના રહી શક્તો નહિ. એક દિવસ તે વેશ્યા

પાસે જવા તૈયાર થયો પરંતુ નદીમાં પૂર હતું. તેમાં શબ તણાતું આવતું હતું. અંધારામાં લાકડું સમજી તેના સહારે નદીની સામે કાંઠે પહોંચી ગયો. પણ વેશ્યાની હવેલીનો દરવાજો બંધ હોવાથી સાપને દોરડું સમજી તેને પકડી ઉપરના માળે ચઢી ચિંતામણિ વેશ્યા પાસે ગયો!

ત્યારે ચિંતામણિ એટલું જ બોલી : "આવું સાહસ કરી મારી પાસે આવ્યો તે કરતાં પ્રભુ પાસે ગયો હોત તો તારો જન્મ સફળ થઈ જાત." આટલા જ શબ્દોથી તેની દિશા બદલાઈ ગઈ અને બિલ્વમંગળ મટી મહાન ભક્ત સરજુદાસ બની ગયા ! જોઈને શબ્દોની તાકાત ?

## "તુલસીદાસ"

રાજાપુરના તુલસીદાસ પોતાની પત્ની રત્નાવલિના રૂપમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે, તેને જોયા વિના એક દિવસ પણ રહી શક્તા નહિ. એક દિવસ તેઓ બહારગામ ગયા હતા ત્યારે રત્નાવલિના ભાઈ તેડવા આવવાથી તે પિયર ગયાં.

જ્યારે તુલસીદાસ ઘેર આવ્યા તો પત્નીને ન જોયાં. તુરંત પિયર પહોંચી ગયા ! ત્યારે પત્ની રત્નાવલિએ એક જ વાક્ય કહ્યું : "આ હાંડ-માંસના દેહમાં આટલી પ્રિત છે, એટલી જો શ્રીરામમાં કરી હોત તો ભવસાગર તરી જાત." આટલા જ શબ્દોથી તુલસીદાસનું અંતર વીંધાઈ ગયું અને ત્યાંથી જ અને સંસારનો ત્યાગ કરી જતા રહ્યા અંતે તુલસીદાસ રામાયણી બની ગયા! જોઈને શબ્દોની તાકાત ?

## "આમ્રપાલી"

વૈશાલી નગરની અતિ સ્વરૂપવાન વેશ્યા આમ્રપાલીના બગીચામાં ભગવાન બુદ્ધ ઉતર્યા હતા. હજારો લોકો ઉપદેશ

સાંભળતા હતા. આમ્રપાલી પણ દર્શને ગઈ ! ત્યારે બુદ્ધ પ્રભુએ તેને કહ્યું : "જે રૂપથી તું લોકોને ભ્રષ્ટ કરી અધોગતિનું ભાથું ભરી રહી છે, એજ રૂપથી તું પ્રભુને રીઝાવ તો તું પરમપદની અધિકારી બની જઈશ."

તથાગત પ્રભુના એક જ વાક્યે આમ્રપાલીનું અંતર ફરી ગયું ને વેશ્યા મટી વેરાગણ (સાધ્વી) બની ગઈ ! વૈભવનો ત્યાગ કરી સંઘમાં જઈ ભિખ્ખુણી બની ગઈ. જોઈને શબ્દોની તાકાત ?

## "અંગુલિમાન"

બુદ્ધ પ્રભુ જંગલમાં જતા હતા. ત્યાં ભયંકર લૂંટારા અંગુલિમાને આવીને કહ્યું : જીવતા રહેવું હોય તો જે હોય તે આપી દો. આગળ વધતા નહિ, અટકી જાઓ." ત્યારે બુદ્ધ પ્રભુએ કહ્યું : 'હું તો ક્યારનોય અટકી ગયો છું હવે તું અટકી જા, ક્યાં સુધી પાપનાં પોટલાં બાંધવાં છે ?" બસ, આ એક જ શબ્દે અંગુલિમાનના અહંનો નશો ઉતરી ગયો ને સાધુ બની ગયો ! જોઈને શબ્દોની તાકાત ?

## "રખાત"

પંજાબના મહારાજા રણજીતસિંહની રખાતે વરસાદને કારણે પોતાના બંગલામાં સંતોને ઉતારો અપાવ્યો ને રસોઈ આપી. સંતોને ખ્યાલ આવ્યો કે આ રખાત છે તેથી બોલ્યા : "પંચ વિષયના વૈભવ ભોગવવા માટે તેં તારા દેહને એક રાજાને અર્પણ કરી દીધો છે, તે કરતાં પ્રભુને અર્પણ કર્યો હોત તો મીરાંબાઈની જેમ તારું નામ અમર બની ગયું હોત." આટલા શબ્દો સાંભળ્યા કે તુરંત સંસારમાંથી વૈરાગ્ય થઈ ગયો, તેથી જંગલમાં જઈ સાધ્વી બની ભગવાન ભજી ભવસાગર તરી ગઈ. જોઈને શબ્દોની તાકાત ?

## "ઝીલી"

સુરતમાં નિર્વાણ સાહેબ થઈ ગયા ત્યારનો આ પ્રસંગ છે. એકવાર સુરતમાં ઝીલાજી વણઝારો આવ્યો હતો. તે નિર્વાણ સાહેબનાં દર્શને ગયો. સાથે તેની ૧૨ વર્ષની પાલક પુત્રી ઝીલી હતી. તેને જોઈને નિર્વાણ સાહેબ બોલ્યા : " ઝીલી બેટા ! લે આ તાવીજ. તારા જીવનમાં મુશ્કેલી આવે ત્યારે આ તાવીજ ખોલજે. તેની અંદર જે લખેલ છે તે વાંચી લેજે."

આમ કહીને તે માદળીયું ઝીલીના ગળામાં પહેરાવી દીધું. પછી ત્યાંથી તે વણઝારો ફરતો ફરતો પાટણ આવ્યો. કામ પ્રસંગે વણઝારો બજારમાં ગયો હતો તેથી ઝીલી એકલી હતી. તે સમયે ત્યાંથી કેતકી નામની વેશ્યા નીકળી. ઝીલીનું રૂપ જોઈ ફોસલાવીને પોતાના ઘેર લઈ ગઈ. એક રૂમમાં પૂરી દઈ પાટણના સુબેદારને બોલાવ્યો. તે ઝીલી પર બળાત્કાર કરવા રૂમમાં આવ્યો, પરંતુ ખૂબ દારૂ પીધેલ હતો તેથી બેહોશ થઈ ગયો.

આ તકનો લાભ લઈ ઝીલી તુરંત બારીએ સાડી બાંધી નીચે ઉતરીને આખી રાત્રિ દોડતી જ રહી. સવાર થતાં તાવીજ છોડીને અંદર વાંચ્યું તો લખેલ હતું : "યહ સંસાર અસાર હૈ, સત્ય પ્રભુ કા નામ; દુહિતા વ્રજમેં સીધાઈએ, વેગે મીલે ઘનશ્યામ." આવું વાંચીને તુરંત ઝીલીએ વૃંદાવનનો માર્ગ લીધો અને વ્રજમાં જઈ આજીવન ભક્તિ કરી. આની પાછળનું કારણ શું ? સંતના શબ્દની એક પંક્તિ.

## "નર્તકી સાધ્વી બની ગઈ !"

સ્વામી વિવેકાનંદનું પ્રથમ નામ નરેન્દ્ર હતું. સંન્યાસી બન્યા પછી વિવિદિશાનંદ નામ હતું. તેઓ એકવાર માઉન્ટ

આબુ ગયેલા. ત્યાં ખેતકી નગરના રાજા સાથે મુલાકાત થઈ. તેના આમંત્રણથી વિવિદિશાનંદ સ્વામી ખેતકી ગયા. રાજાએ રાજનર્તકીને નાચવા બોલાવી. તે નાચવા લાગી એટલે વિવિદિશાનંદજી ઊભા થઈને ચાલવા લાગ્યા.

ત્યારે પ્રણામ કરી નાચનારી બોલી : " સ્વામીજી ! મારા મુખથી સુરદાસજીનું એક ભજન સાંભળો. આટલી મારી વિનંતી માન્ય રાખો." તેથી તેઓ બેઠા. પછી તે નાચનારીએ 'પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો...' આ ભજન ભાવવિભોર થઈને ગાયું. આ સાંભળી વિવિદિશાનંદ બોલ્યા : "નાચ કરી રાજાને રીઝવવાથી તને ધન સિવાય બીજું શું મળવાનું છે ? રાજાને રીઝવવા કરતાં રાજેશ્વર પ્રભુને જો તું રીઝવે તો તારો બેડો પાર થઈ જાય."

આટલા શબ્દોએ જ નાચનારીનું અંતર ફરી ગયું, તેથી ત્યાંજ તમામ અલંકારો ને સુંદર કપડાંને ઉતારી સ્વામી પાસેથી ભગવાં કપડાં માંગી સંન્યાસીનીનો વેષ ધરી સ્વામીની શિષ્યા બની ગઈ ! પછી રાજાએ સ્વામીને કહ્યું : 'તમારું વિવિદિશાનંદ નામ બોલવું કઠિન પડે છે, માટે સરળ નામ હોય તો સારું." ત્યારે સ્વામી કહે: "તમને સારું લાગે તે નામ રાખી દો." એ સમયે જ ખેતકીના રાજાએ વિવેકાનંદ નામ પાડ્યું. તે આજ પર્યંત તે નામથી સહુ બોલાવે છે અને ઓળખે છે.

## "યુરોપિયને ભગવાં પહેર્યાં !"

ઈ. ૧૮૯૩ માં વિવેકાનંદ સ્વામી અમેરિકા ગયા. ત્યાં શિકાગો શહેરમાં 'વિશ્વધર્મ મહાસભા' માં તેઓને પ્રવચન આપ્યું ત્યારે શરૂઆતમાં તેઓ બોલ્યા : માય બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ" મારા ભાઈઓ અને બહેનો.

બસ, આટલા શબ્દો બોલ્યા ત્યાંતો ધર્મસભામાં બેઠેલા

લોકોએ સતત બે મિનિટ સુધી તાળીઓ પાડી હતી. લંડનના પ્રવાસ સમયે વિવેકાનંદજીના ઉપેદશાત્મક શબ્દોને કારણે જ ત્યાંના નિવાસી જે. જે. મિસ મૂલર અને મિસ નોબલ (ભગીની નિવેદિતા) તેઓની સાથે ભારત આવી ભગવાં ધારણ કરી લીધાં હતાં !

## "લાલા બાબુ"

લાલા બાબુ કલકત્તાના ધનવાન શેઠ હતા. અનેક પેઢીઓ ચાલતી હતી. તેઓ દરરોજ સાંજે ગંગા સાગરે હવા ખાવા જતા હતા. વચ્ચે ખાડી હતી ને સામે પાર બગીચો હતો. ત્યાં જઈને દરરોજ બેસતા હતા.

એકવાર પ્રકૃતિનું સરસ વાતાવરણ હતું તેથી ઊંઘ આવી ગઈ. તેના કારણે સાંજે નાવડીવાળાએ બૂમ મારી : "એ મેરા છેલ્લા ફેરા હૈ, ચલો, સમય બીતા જા રહા હૈ." આવું સાંભળીને લાલા બાબુની ઊંઘ ઉડી ગઈ. આટલા શબ્દોએ એનું અર્થઘટન ફેરવી નાખ્યું. અંદરથી અવાજ આવ્યો : "તું તારો છેલ્લો ફેરો સુધારી લે." તુરંત નાવમાં બેસી આ કાંઠે આવી સીધા જ હાવડા રેલવે સ્ટેશને જઈ વૃંદાવન જતા રહ્યા ! અને આજીવન ત્યાંજ રહ્યા. સગાંઓ લેવા આવ્યાં, પણ ન ગયા. તેઓની ઈચ્છાથી પરિવારે ધર્મશાળા અને મંદિર બંધાવી આપ્યાં. આજે પણ તે લાલાબાબુનું મંદિર કહેવાય છે.

## "શબ્દોને કારણે સત્તાનો ત્યાગ"

બ્રિટિશ શાસન ભારતમાં હતું ત્યારનો આ પ્રસંગ છે. ઈટાવા પ્રાંતમાં સપ્રુ સાહેબ ડેપ્યુટી કલેક્ટર હતા. તેનો નોકર મનોહર નાયી એક રાત્રે પગચંપી કરતો હતો. ત્યારે સપ્રુ સાહેબે કોઈ વાર્તા કહેવાનું કહ્યું, તેથી વાર્તા શરૂ કરી.

આરબદેશનો એક સમ્રાટ ઉનાળાના સમયમાં દરરોજ અગાશીમાં સૂતો હતો. તેના શાહી પલંગમાં દરરોજ કોમળ ને સુગંધી પુષ્પો પાથરવામાં આવતાં હતાં. દરરોજના ક્રમ પ્રમાણે દાસીએ પલંગ શણગાર્યો ને વિચાર કર્યો : “ સમ્રાટને સૂવાની કેવી મજા આવતી હશે ? હજું તેઓને આવવાની વાર છે, તેથી થોડીવાર હું સૂઈને અનુભવ કરી જોઉં.”

આમ વિચાર કરી પલંગ પર સૂતી એટલે આખા દિવસના થાકને કારણે ઊંઘ આવી ગઈ ! સૂવાનો ટાઈમ થયો એટલે બાદશાહ આવ્યો. જોયું ત્યાં તો દાસીને પોતાના પલંગમાં સૂતેલી જોઈ ! તેથી ત્રાડ પાડી. પેલી એકદમ જાગી ગઈ અને હકીકત કહી માફી માગી, પણ બાદશાહે માફી ન આપી અને સાઠ ચાબુક મારવાની સજા કરી. પછી કોરડા મારવાના શરૂ થયા. ૩૦ ચાબુક સુધી જોરજોરથી બૂમો પાડી રડતી હતી. પછી હસવા લાગી !

આશ્ચર્ય સાથે તુરંત બાદશાહે કારણ પૂછ્યું ત્યારે દાસી બોલી: “સાઠ મિનિટ હું સુવાળી શૈયા પર સૂતી તો મને સાઠ ચાબુકના ફટકાની સજા થઈ છે, જ્યારે તમો તો દરરોજ સૂવો છો, તો તમોને કેટલા ચાબુકની સજા થશે સમ્રાટ ? હું એવું વિચારીને હસી છું કે સજા કરનારાને પોતાની સજાની ખબર જ નથી.” હે સપ્રુ સાહેબ ! આટલા શબ્દો સાંભળતાં જ બાદશાહના હૃદયમાં કંપારી છૂટી ગઈ ને ત્યાંથી જ ફકીરનો વેષ ધારણ કરી જંગલમાં જઈ ભજન કરવા બેસી ગયો.

મનોહર નાઈની આ વાર્તા સાંભળી તુરંત તે શબ્દોની અસર પણ સપ્રુ સાહેબને થઈ ગઈ ! તેથી તેઓ બોલ્યા : “મનોહર ! મારે પણ આ સુવાળો પલંગ છોડવો જોઈએ. હું પણ આરામ કરીને આયુષ્ય બરબાદ કરી રહ્યો છું.” આમ બોલી પલંગનો ત્યાગ કરી જમીન પર સૂઈ ગયા. સવારે રાજીનામું

આપી કલેક્ટર પદનો ત્યાગ કરી એક આમલી નીચે કામળો પાથરી સાધનામાં લાગી ગયા !

ઈટાવા જિલ્લાના લોકોને ખ્યાલ આવતાં લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. મોટા મોટા અંગ્રેજ અમલદારો પણ સમજાવવા આવ્યા, પરંતુ ભજન છોડ્યું નહિ. તેઓએ અમલદારોને જવાબ આપ્યો : "હું તમોને રીઝવવાને બદલે મારા પ્રભુને રીઝવીશ. સરકારની ગુલામી છોડી પ્રભુની ગુલામી કરીશ."

તેઓએ સતત બાર વર્ષ સુધી એ જ આમલી નીચે બેસી સાધના કરી. એકવાર ઝોળી માગી એને યમુનાજીમાં ડૂબાડી રસકસ વિનાનું એકવાર જમતા હતા. પછી સિદ્ધાઈ પ્રાપ્ત થતાં તેઓએ અનેક પરચાઓ આપ્યા હતા. હાલમાં તેઓ ખટખટા બાબા નામે ઓળખાય છે. દર વર્ષે એ સ્થાને મેળો ભરાય છે. જોઈને ભક્તો ! શબ્દોની તાકાત ?

## "મલ્લિકાના શબ્દોને કારણે ..."

મિથિલા રાજ્યની રાજકુમારી મલ્લિકા ખૂબ જ સ્વરૂપવાન હતી. તેથી તેને પરણવા માટે અનેક રાજાઓએ પોતાના રાજગુરૂને મિથિલા મોકલ્યા હતા. પરંતુ મલ્લિકાએ માતા-પિતા અને દરેક રાજાના પ્રતિનિધિઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, "મારે કોઈ સાથે લગ્ન કરવું નથી. મારે તો આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુ ભજવા છે."

પ્રતિનિધિઓએ જઈને પોતપોતાના રાજાઓને વાત કરી એટલે કામાંધ રાજાઓ મલ્લિકાનું અપહરણ કરવા માટે પોતપોતાનું સૈન્ય લઈને મિથિલાપુરી આવવા નીકળી પડ્યા. આ બાજુથી કૌશલદેશનો રાજા તો પેલી બાજુથી હસ્તિનાપુરનો રાજા. આ તરફથી કાશીનો રાજા તો પેલી બાજુથી અંગદેશનો

રાજા. આ બાજુથી પાંચાલનો રાજા તો પેલી તરફથી કુણાલનો રાજા આ છ રાજાએ સૈન્ય લઈને મિથિલાને ઘેરી લીધી.

મિથિલાના રાજાને કહેવડાવ્યું કે, "તારી પુત્રીને કહે કે અમારામાંથી કોઈપણ સાથે લગ્ન કરી લે, નહિતર અમો મિથિલાનો નાશ કરી તેનું અપહરણ કરીશું." આ વાતની મલ્લિકાને ખબર પડી તેથી તેણે રાજાઓને સંદેશો મોકલાવ્યો કે, "ચાર દિવસ પછી હું તમારી પસંદગી કરીશ, તમો રાહ જુઓ. લડાઈ કરી નિર્દોષ લોકોના મોતનું નિમિત્ત બનવા હું માગતી નથી." આવા સમાચાર સાંભળી છ એ રાજાઓ ખુશ થઈ ગયા અને પોતાની પસંદગી થાય તે માટે કૃત્રિમ મેકઅપ લગાવી રૂપાળા થવા લાગ્યા.

આ બાજું મલ્લિકાએ પોતાની સોનાની મૂર્તિ તાત્કાલિક બનાવડાવી અને માથે પોલી રાખી. પછી તેમાં ચાર દિવસ સુધી ભોજન નાખ્યું દરરોજ ભોજન નાખી બંધ કરી દેતી તેના કારણે ચાર દિવસનું અનાજ અંદર કોહવાઈ ગયું.

પછી છ એ રાજાઓને બોલાવી મૂર્તિ ઉપરનું ઢાંકણું ખોલાવ્યું. ત્યાંતો મૂર્તિની અંદરથી સડેલા અનાજની ભયંકર દુર્ગંધ નીકળી ! રાજાઓ તો નાક પર રૂમાલ દબાવવા લાગ્યા. ગધેડાનુંય મગજ ફાટી જાય એવી દુર્ગંધ મૂર્તિની અંદરથી આવતી હતી.

રાજાઓને નાક ઉપર રૂમાલ રાખીને ઉભેલા જોયા એટલે રાજકુમારી મલ્લિકા બોલી : "હે મોહાંધ રાજાઓ ! તમોને જે વસ્તુનો મોહ છે એ તમારી સામે જ છે. આ મૂર્તિમાં તો કેવળ ચાર દિવસનું જ અનાજ હતું, પરંતુ જેના માટે તમો લોહીની નદીઓ વહેવડાવવા માટે આવ્યા છો તે મારા દેહમાં તો કેટલાય દિવસનું અનાજ ભરેલું છે.

આ શરીરમાં મળ–મૂત્ર–લોહી–થૂંક અને લીટ જ ભરેલું છે. આ મારા દેહમાં ગમે તેટલી સુંદર અને સ્વાદિષ્ટ વાનગીઓ અંદર નાખું છું તો પણ વિષ્ટા થઈને જ બહાર નીકળે છે, તો આવા દુર્ગંધવાળા દેહ માટે તમો નિર્દોષ લોકોને મારી પાપનાં પોટલાં બાંધવાં તૈયાર થયા છો ?”

મલ્લિકાના આવા ઉપદેશના શબ્દો સાંભળી દરેક રાજા શરમાઈ ગયા અને માફી માગી પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા. પછી તે રાજકુમારીએ આજીવન અપરણીત રહીને જૈનધર્મનો ખૂબ ફેલાવો કર્યો અને અંતે તે જૈનોના ચોવિશ તિર્થંકરોમાં સ્થાન પામી ગઈ ! આજે પણ ૨૪ તિર્થંકરોમાં તેનું નામ ૧૯ મા તિર્થંકર મલ્લિયનાથ તરીકે પ્રસિદ્ધ છે અને જૈન લોકોમાં તેનું નામ અતિ આદરથી લેવાય છે.

## “આઠ પત્નીઓ સાધ્વીઓ બની ગઈ !”

જૈન ધર્મના છેલ્લા કેવળજ્ઞાની જંબુ સ્વામી કહેવાય છે. તેઓ મહાવીર સ્વામી નિર્વાણ (મૃત્યુ) પામ્યા પછી ૬૪ વર્ષે મૃત્યુ પામ્યા હતા. અર્થાત્ આશરે અઢી હજાર વર્ષ જેટલો સમય થઈ ગયો છે એમ કહી શકાય; કારણ કે મહાવીર સ્વામીનો જન્મ ઈ. પૂર્વે ૫૯૯ માં થયો હતો અને ૭૨ વર્ષની ઉંમરે તેઓ નિર્વાણ પામ્યા હતા.

તે જંબુ સ્વામી નાનપણથી જ ખૂબ વૈરાગ્યવાળા હતા. તેઓ સાધુ ન બની જાય અને હંમેશાં ગૃહસ્થ જ રહે તે માટે તેઓના માતા–પિતાએ એક સાથે આઠ સ્વરૂપવાન સ્ત્રીઓ સાથે તેઓનાં લગ્ન કરાવી દીધાં હતાં. લગ્ન થયા ને પ્રથમ મિલનની રાત્રિએ જ જંબુ સ્વામીએ આજીવન બ્રહ્મચર્ય પાળવા માટે પોતાની જ પત્નીઓને વૈરાગ્ય ચડાવીને કહ્યું: કે, “જગત

નાશવંત છે અને દેહ પણ નાશવંત છે, માટે વિષયભોગની ઈચ્છાનો ત્યાગ કરી પ્રભુનું ભજન કરો.” અંતમાં બોલ્યા :

“ભલે ન આવો વસંત થઈને, ચમનને મારા ઉજાડશો મા;
બની શકો ના જીવન ભલે, મારા જીવનને ઉજાડશો મા.”

“તમો સંયમ ન રાખી શકો તો અન્ય પુરુષોને પતિ માની તેઓ સાથે રહેજો, પરંતુ મારું શીલવ્રત ભંગ કરાવવાનો પ્રયત્ન કરશો નહિ.” આટલા શબ્દો સાંભળતા જ આઠે સ્ત્રીઓએ પણ આજીવન બ્રહ્મચર્યના નિયમો લીધા અને પતિની સાથે તેઓ પણ સાધ્વીઓ બની ગઈ !

## “સંતના એક શબ્દે જ”

એ ભયંકર લૂંટારાનું નામ સાંભળતાં જ ભલભલા જવામર્દોના છક્કા છૂટી જતા હતા. એનું નામ હતું ફઝલ અયાજ. ફઝલની ધાકથી યાત્રાધામ મક્કા તરફ જતા અરબસ્તાનના માર્ગો સૂમસામ થઈ ગયા હતા ! યાત્રાળુઓ શસ્ત્રો લઈને સમુહમાં જ નીકળતા હતા.

એકવાર ફઝલ યાત્રાળુંઓને લૂંટવાના ઈરાદે એક ઝાડ પાસે આવ્યો. ત્યાં એક વૃદ્ધ સંતને બેઠેલા જોયા. તેઓ તત્ત્વચિંતક હતા. ફઝલે ત્રાડૂકીને કહ્યું : “એય ! જે હોય તે આપી દે, નહિતર મરવા માટે તૈયાર થઈ જા.” ત્યારે તે સૂફી સંત બોલ્યા : “ફઝલ ! તું કબતક સોતા રહેંગા ? અબ તો જાગ, જાગનેકા વખ્ત અબ ભી નહિ હુઆ હૈ ?”

બસ, આટલા શબ્દોએ જ ફઝલના અંતરને વીંધી નાખ્યું! તેણે સંગ્રહ કરેલ બધું જ ધન ગરીબોને દાનમાં આપી દીધું. પછી સંતનાં ચરણોમાં પડી તરવાર ફેંકી દઈને બોલ્યો : “અબ મૈં જાગ

ઊઠા.” પછી મક્કામાં આવી આખી જિંદગી ધ્યાન–ભજન કરીને પૂરી કરી.

વાલીયા લૂંટારાના પણ પ્રસંગ આવો જ છે. નારદજીને લૂંટવા આવેલ વાલીયાને પણ નારદજીએ આટલું જ કહેલ કે, “ક્યાં સુધી પાપ કરવાં છે ? તારા પાપના ભાગીદાર કોઈ નહિ થાય, માટે પ્રભુનું ભજન કરી ભવસાગર તરી જા.” બસ, પછી તો ધ્યાન–ભજનમાં લાગી ગયા ને મહર્ષિ વાલ્મીકિ મુનિ તરીકે પ્રસિદ્ધ થઇ ગયા.

## “ફરીદુદ્દીન અખ્તર”

બગદાદના સૂફી સંત ફરીદુદ્દીન અખ્તર જ્યારે ગૃહસ્થ હતા ત્યારે અત્તરના મોટા વેપારી હતા. એક સમયે તેની દુકાને એક ફકીર આવ્યા. તેઓને પ્રણામ કરી અખ્તર સાહેબ સામે બેઠા. ત્યારે ફકીરબાબા બોલ્યા : “જિંદગીકા કોઈ ભરોસા નહિ હૈ, ઇસલિયે બંદગી કર લો. ઈન્સાન ચલતે ચલતે ઇસ દુનિયાસે ચલ પડતા હૈ.” આવું સાંભળી ફરીદદ્દીન અખ્તર બોલ્યા : “ક્યા બાત કરતે હો બાબા ! ચલતે ચલતે ભી કોઈ મરતા હૈ સાંઈ ? પહેલે આપ ઐસા કરકે દિખાઓ તો સહી.”

એ સમયે પેલા મહાન અનુભવી સંતે (ફકીરે) દુકાન સામે જ ચાદર પાથરીને સૂઈ જતાં કહ્યું : “ દેખો, મૈં અભિ અભિ ચલા.” એમ કહી ચાદર ઓઢી આંખો બંધ કરી સૂઈ ગયા. થોડીવારે શ્વાસ ચાલતો બંધ થઈ ગયો તેથી અખ્તર સાહેબે આવીને જોયું ત્યાં તો ફકીરજીનું અવસાન થઈ ગયું હતું ! આવું દ્રશ્ય નજરે નિહાળી ત્યાંથી જ તેઓ જંગલમાં ચાલ્યા ગયા ને સાધનામાં બેસી પોતાનો મનુષ્ય–જન્મ સફળ કરી કાયમનું સુખ પ્રાપ્ત કરી લીધું.

# "રાજકવિ ઈસરદાસ"

જામનગરના રાજકવિ ઈસરદાસ પિંગલ શાસ્ત્રના વિદ્વાન હતા. તેઓએ જામનગરના રાજા જામ સાહેબને રાજી કરવા માટે તેની પ્રશસ્તિ કરતું એક મોટું કાવ્ય લખ્યું. પછી દરબારમાં જઈ જામ સાહેબને સંભળાવ્યું. સાંભળીને જામ સાહેબ ખુશ થઈ ગયા ને દીવાનજીને કહ્યું : "આ કવિરાજને મોટું ઈનામ આપો."

આ રીતે કહી જામ સાહેબ પોતાના મહેલમાં ચાલ્યા ગયા. પછી દિવાનજીએ ઈસરદાસને કહ્યું : "કવિરાજ ! જામના ગુણગાન ગાઓ છો તેથી કદાચ જાગીર આપશે, પણ એથી વિશેષ શું આપવાના છે ? પરંતુ રાજાઓના પણ મહારાજા એવા પ્રભુના ગુણ ગાવામાં તમારી કળા વાપરી હોત તો બેડો પાર થઈ જાત, મોક્ષ થઈ જાત. તમારી શક્તિનો ઉપયોગ પ્રભુ માટે કરો તો તમારું નામ અમર થઈ જાય."

આટલા શબ્દો સાંભળતાની સાથે જ રાજકવિ ઈસરદાસની હૃદયની આંખો ખૂલી ગઈ ! અને ત્યાંજ પ્રતિજ્ઞા કરી : " ભગવાન સિવાય આજ પછી હું કોઈનાય ગુણ નહિ ગાઉં." પછી તો તેઓએ પ્રભુના ગુણનાં ભજન-કીર્તનો બનાવ્યાં ને ગાવા લાગ્યાં,તેથી ભજનિક કવિઓમાં તેઓનું નામ ગુજરાતમાં પ્રસિદ્ધિ પામ્યું.

# "નૃત્યાંગના કાન્હૂપાત્રા"

મહારાષ્ટ્રમાં શામા નામની એક વેશ્યા નાચગાનની અને દેહવિક્રયની કોઠી ચલાવતી હતી. તેણે પોતાની પુત્રીને પણ નૃત્યાંગના બનાવી હતી. તેનું નામ કાન્હૂપાત્રા હતું. તે નૃત્ય કરી ધનવાનો પાસેથી ખૂબ ધન કમાતી અને મોજ–શોખમાં મહાલતી હતી. તેની ઉંમર સોળ વર્ષની થઈ તે વખતે તે ઝરૂખે બેસી આકાશના કુદરતી સૌંદર્યનું સુખ માણતી હતી.

તે સમયે નીચે રસ્તામાં સંતો નીકળ્યા. તેઓને ખ્યાલ આવ્યો કે, આ વારાંગનાની કોઠી છે અને ઝરૂખે બેઠી છે તે તેની દીકરી છે. તેથી તેને સંભળાવવા સંતોએ કહ્યું : "સંસારનાં સુખો તો મૃગજળ જેવાં છે. અને નાશવંત છે. રૂપિયા કમાવવા માટે દેહને વેચવો ને નાચગાન કરવું તે તો અધર્મ કહેવાય છે. એવાં પાપ કરીને રૂપિયા કમાવવા તે કરતાં તો ભીખ માગીને ખાવું વધારે સારું."

આ શબ્દો સાંભળતાની સાથે કાન્હૂપાત્રાનું અંત:કરણ ફરવા લાગ્યું અને સંતોના શબ્દોએ તેના મનનો કબજો લઈ લીધો. તુરંત મનોમન નક્કી કર્યું : "હવે પૈસા માટે પાપ નથી કરવું." તે સમયે તેની માતાએ આવીને કહ્યું : "બેટા ! આજે મુજરા માટે બાદશાહનું આમંત્રણ આવ્યું છે, માટે તૈયાર થઈ જા. આજે રાત્રે બાદશાહ આગળ નાચ કરીને તારા કૌમાર્યવ્રતની સમાપ્તિ કરવાની છે. હવે તું યુવાન થઈ ગઈ છો."

પોતાનું શીલવ્રત આજે બુઢ્ઢો બાદશાહ ભંગ કરશે, આવું સાંભળી સાધુના વચનો યાદ આવી ગયાં. તુરંત પુરુષના કપડાં પહેરી રાત્રે ભાગીને પંઢરપુર વિઠ્ઠબાના મંદિરે આવી ગઈ. ત્યાં

રહીને ભજન કરવા લાગી ગઈ. આ બાજુ તેની માતાને ખ્યાલ આવતા બેદરના બાદશાહને વાત કરી. તેથી બાદશાહે પોતાની બેગમ બનાવવા માટે સૈનિકોને પંઢરપુર જઈ તુરંત પકડી લાવવા કહ્યું.

સૈનિકોએ પંઢરપુર આવી બાદશાહનું ફરમાન આપ્યું. તેથી મંદિરમાં જઈ વિઠ્ઠલનાથજી આગળ પ્રાર્થના કરી પોતાના શીયળવ્રતની રક્ષા કરવા કહ્યું. તુરંત પ્રભુએ દર્શન દઈને કહ્યું : “મારી પાસે રહેવાની ઈચ્છા હોય તો આવતી રહે.” આવી દિવ્યવાણી સાંભળી પ્રભુની પાસે જવા દોડી ઠેસ વાગી ને પડી ગઈ. એ સમયે જ પ્રાણ છૂટી ગયા ને પ્રભુ પાસે પહોંચી ગયા! પછી સૈનિકો વિલે મુખે પાછા ગયા.

## “બહોત ગઈ થોડી રહી”

એક રાજાના રાજ્યમાં નટનો ખેલ ચાલતો હતો. તે જોવા રાજા, કુંવર, કુંવરી, સાધુ અને નગરજનો બેઠા હતાં. નટી નાચતી નાચતી થાકી ગઈ તેથી નટને સાન કરી તાલ ફેરવવાનું કહ્યું. તેથી નટે સાનમાં કહ્યું :

બહોત ગઈ થોડી રહી, થોડી ઔર બજાય,
નટ કહે ઓ નટવી ! તાલ મેં ભંગ ન થાય.

આવું કહ્યું એટલે નટી સમજી ગઈ તેથી નાચવાનું શરૂ રાખ્યું. ત્યાંતો સાધુએ ઊભા થઈ નવી શાલ ભેટ આપી ! રાજકુમારે વીંટી ભેટ આપી. અને કુંવરીએ હાર ભેટ આપ્યો. રાજાને નવાઈ લાગતા ત્રણેને એકાંતમાં બોલાવીને ઈનામ આપવાનું કારણ પૂછ્યું

સાધુએ કહ્યું : "હું ગૃહસ્થ બની જવાનો હતો, પણ નટે કહ્યું: "બહોત ગઈ થોડી રહી." તેથી મેં વિચાર કર્યો : 'થોડી જિંદગી બાકી છે, હવે ભેખ લજાવવો નથી." તેથી ખુશ થઈ મેં શાલ આપી. કુંવરે કહ્યું : "તમોને મારી નાખીને રાજા બનવાનું કાવતરું મેં ગોઠવ્યું હતું, પણ આ શબ્દોને કારણે સમજાયું કે તમો હવે ક્યાં વધારે જીવવાના છો, હવે થોડી આયુષ્ય બાકી રહી હશે, તેથી ધીરજ રાખું." આ વાક્યથી રાજી થઈ મેં વીંટી ભેટ આપી છે.

કુંવરીને પૂછતાં તેણીએ કહ્યું : "તમો લોભને કારણે મને પરણાવતા ન હતા તેથી હું એક સૈનિક સાથે ભાગી જઈને લગ્ન કરવાની હતી, પણ આ શબ્દોએ મારી આંખો ખોલી નાખી કે, "અત્યાર સુધી પવિત્ર જીવન ગાળ્યું છે, હવે થોડા સમય માટે જીવનને કલંકિત નથી કરવું."

ઉપરોક્ત ત્રણેયના જવાબ સાંભળી રાજાનો હૃદય પલટો થઈ ગયો. તેણે નક્કી કર્યું : "બહોત ગઈ થોડી રહી ! હવે પુત્રને રાજ સોંપી મારો મોક્ષ સુધારી લઉં." પછી તાત્કાલિક કુંવરીનાં લગ્ન કરી, પુત્રને રાજા બનાવી પોતે વનમાં જઈ ભજન કરવા લાગી ગયા! જોયું ભક્તો ! એક શબ્દે કેટલું કામ કર્યું ? એટલા માટે જ શબ્દમાં અતિ તાકાત કહેલી છે.

## "ગોપાળાનંદ સ્વામીના શબ્દોથી...."

હે ભક્તો ! સામાન્ય લોકોના શબ્દોની અસર પણ મુમુક્ષુઓને થઈ જતી હોય તો પછી મહાપુરુષોના શબ્દોની અસર કેમ ન થાય? અર્થાત્ થાય જ; તો તેવા સદ્‌ગુરુ સંતોના થોડા પ્રસંગો સાંભળીએ.

લોધિકા ગામના ગામધણી દરબાર અભેસિંહ જાડેજા શરાબ અને શિકારમાં ગળાડૂબ રહેતા હતા. પોતાના પિતા જીભાઈ સ્વમિનારાયણ ભગવાનના ચુસ્ત ભક્ત હતા, પરંતુ અભેસિંહને સત્સંગથી સો ગાઉનું છેટું હતું. તેઓ તો દરરોજ મહેફિલમાં મિત્રો સાથે દારુની પ્યાલીઓ ગટગટાવવાની અને પછી સીમમાં જઈ અનેક નાનાં-મોટાં પશુ-પક્ષીઓને મારવાનાં ને પછી ખાવાનાં આજ તેમનું જીવન હતું.

એક સમયે તેઓ કાળિયાર હરણનો શિકાર કરવા ઘોડો લઈને હરણની પાછળ પડ્યા. હરણ દોડતું દોડતું મેંગણી ગામની હદમાં આવી સંતાઈ ગયું. થાકેલા અભેસિંહ મેંગણીમાં ઘોડાને પાણી પાવા આવ્યા. એ સમયે તે ગામમાં સદ્‍ગુરુ ગોપાળાનંદ સ્વામી પધારેલા ને સભા કરી કથા-વાર્તા કરતા હતા.

પોતાના પિતાના ગુરુ સ્વામી છે આવું જાણતા હોવાથી તેઓ સભામાં આવી દૂર ઊભા રહ્યા. ત્યારે જન્મસિદ્ધ યોગિરાજ ગોપાળાનંદ સ્વામી બોલ્યા : અભેસિંહ ! હવે ક્યાં સુધી શરાબની મહેફિલ માણવી છે ? હવે સત્સંગની મહેફિલમાં આવી જાવ. નિર્દોષ પશુ-પક્ષીઓને મારીને કેટલાં પોટલાં પાપનાં ભરવાં છે ? સહજાનંદ મહાપ્રભુને હૃદયમાં ક્યારે પધરાવવા છે ?”

સ્વામીની ત્રાટકવૃત્તિએ સહિત ઉપદેશાત્મક શબ્દોની એવી તો અસર થઈ ગઈ કે ત્યાં સભામાં જ પોતાની બંદૂકને ગોઠણે રાખી ભાંગી નાખી અને પ્રતિજ્ઞા લીધી કે, “હવે પછી ક્યારેય પણ શિકાર નહિ કરું અને દારુ નહિ પીવું. દરેક પ્રકારનાં પાપનો આજથી ત્યાગ કરૂં છું.”

આ રીતે પ્રતિજ્ઞા કરીને કંઠી પહેરી ઘેર ગયા અને એવા તો ભક્ત બની ગયા કે, દરરોજ છ કલાક સતત

ધ્યાનમાં બેસી રહેત! આજ પણ ધ્યાની ભક્ત તરીકે અભેસિંહજીનું નામ આદરથી લેવાય છે.

## "ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોથી..."

એકવાર સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંતો સાથે ભાદર નદીના રેતીના પટમાં બપોરે માનસી પૂજા કરતા હતા. તે સમયે લીલાખા ગામનો ચારણ મુંજોસુરુ શિકાર કરીને ભાદર નદીમાં પાણી પીવા માટે આવ્યો. સંતોની પાસે ઊભો રહ્યો એટલે ગુણાતીતાનંદ સ્વામી સમજી ગયા કે, આ પાપી માણસ છે. સાથે શિકારમાં ઉપયોગ કરેલા હથિયારો પણ હતાં.

તુરંત સ્વામી બોલ્યા : "ભલા માણસ ! બિચારાં નિર્દોષ પ્રાણીઓને મારે છે, તેમણે તારું શું બગાડ્યું છે ? આ પાપની સજા તારે યમપુરીમાં ભોગવવી પડશે; માટે છોડી દે આવાં બધાં પાપ કરવાનું. જમપુરીથી ઉગારવું હોય તો પાપ છોડી પ્રભુનું શરણ સ્વીકાર."

સ્વામીના શારડીના ધાર જેવા શબ્દો મુંજોસુરુના હ્રદયમાં ઊંડે સુધી ઉતરી ગયા અને તુરંત હથિયારો ફેંકી દઈને સ્વામી પાસે કંઠી પહેરી પ્રતિજ્ઞા કરી કે, "આજ પછી ક્યારેય પણ પાપ નહિ કરું." પછી તે મહાન ભક્ત બની ગયા.

## "સહજાનંદ પ્રભુના શબ્દે કરીને"

હે ભક્તો ! શબ્દમાં સ્વભાવિક શક્તિ રહેલી છે. મામુલી શબ્દની પણ થોડી-ઘણી તો અસર થાય છે, તો પછી સજ્જન પુરુષના શબ્દની અસર તો સામાન્ય શબ્દ કરતાં વધારે થાય તે સ્વભાવિક છે. એમાં પણ વર્તનશીલ સંતો-ભક્તોના શબ્દોની

તો વાત જ શું કરવી ? તેઓના શબ્દો તો પ્રભાવશાળી અને વજનદાર હોય જ છે.

હવે વિચાર કરો કે સંતો–ભક્તોના શબ્દોમાં આટલી બધી તાકાત હોય અને તેની અસર બીજાના મનમાં જલ્દી થતી હોય તો પછી તે સંતો–ભક્તો જેનું ભજન કરી આટલી શબ્દ શક્તિ પ્રાપ્ત કરી શક્યા હોય તે સહજાનંદ મહાપ્રભુના શબ્દમાં કેટલી શક્તિ હશે? એ મુખથી વર્ણન જ ન થઈ શકે કે લેખનીથી લખી પણ ન શકાય.

આવા મહાપ્રભુ શ્રીહરિજીના શબ્દોની સામર્થીએ કરી જેઓના જીવનમાં ઈતિહાસ સર્જાઈ ગયા તેવા મુમુક્ષુઓમાંથી થોડાકનાં નામો ટુંકમાં હું અહીં પ્રગટ કરી રહ્યો છું.

મેથાણ ગામનાં નવાં જ વરઘોડિયાં પરણીને સીધાં જ શ્રીહરિજી સભા કરીને બિરાજમાન હતા ત્યાં આવીને પ્રણામ કરીને ઊભાં રહ્યાં. ત્યારે પ્રભુના મુખારવિંદમાંથી શબ્દો નીકળ્યા: “આવો ગોવિંદરામ, આવો અમરબાઈ, તમો બન્ને તો ભાઈ–બેન જેવાં જ લાગો છો !” પ્રભુના આટલા જ શબ્દોનું મૂલ્ય સમજનારા એ બન્ને પતિ–પત્નીએ આજીવન બ્રહ્મચર્ય પાળી અખંડ કૌમાર્યવ્રત રાખ્યું હતું !

શ્રીહરિજીએ કેવળ પરીક્ષા કરવા ખાતર ગઢપુરમાં જીવુબા, લાડુબા વગેરે પરિવારના સભ્યોને કહ્યું હતું કે, “અમોને ગઢડામાં રહેવા દેવા હોય તો તમારી તમામ મિલકત અમોને આપી તમો બધાં જ ગઢડા છોડીને દૂરદૂરના ગામડામાં રહેવા જતાં રહો.” તુરંત એભલ બાપુનો પરિવાર જતો રહ્યો હતો ! જો કે પછીથી તેઓને ગામના સીમાડામાંથી પાછાં બોલાવી લીધાં હતાં.

ભૂજના દીવાન સુંદરજી સુથાર બંધિયા ગામમાં સ્વામિનારાયણ મહાપ્રભુનાં દર્શને આવ્યા ત્યારે પ્રભુએ કહેલું કે, "દાઢી-મૂંછ મુંડાવી ભગવાં કપડાં પહેરી સાધુ બની જાવ અને કાશીની યાત્રા કરવા જતા રહો." તુરંત સુંદરજી રાજ્ય પોશાક ઉતારી સાધુ બની યાત્રા કરવા ઉપડી ગયા હતા ! પરંતુ મુક્તાનંદ સ્વામીના કહેવાથી તેઓને પાછા બોલાવી ફરીને ગૃહસ્થાશ્રમમાં મોકલી દીધા હતા. શ્રીહરિજીએ ફક્ત પત્રમાં જ લખીને મોકલ્યું કે,

માંચા, સુરા સોમલા, અલૈયા, મુળુ, નાજા, માતરા, મામૈયા;
અજા, જીવા, વીરદાસ વળી, લાધા, કાળા, કમળશી મળી.

એ આદિક હરિભક્તો પત્ર મળે તુરંત સાધુ બની જજો." પત્ર મળતાંની સાથે જ સર્વ ગામધણીઓ પરિવારનો અને ધન-સંપત્તિનો ત્યાગ કરી ભગવાં કપડાં ધારણ કરી ભૂજમાં પ્રભુ પાસે પહોંચી ગયા હતા ! પરંતુ પછી સર્વેને પાછા ઘેર મોકલ્યા હતા.

તેમાં એક યુવાન કડુના કલ્યાણદાસ હતા તેઓ તો લગ્ન મંડપમાં ફેરા ફરતા હતા ને પત્ર મળતા જ આદિ શબ્દનો અર્થ સમજી મામા અજા પટેલ સાથે સાધુ બની ભૂજ આવી ગયા હતા. તેઓને પ્રભુએ પોતા પાસે રાખીને દીક્ષા આપી હતી. તે યુવાન અદ્ભૂતાનંદ સ્વામી તરીકે સંપ્રદાયમાં જાણીતા છે. આવા તો અનેકાનેક પ્રસંગો છે, માટે દરેક વ્યક્તિએ વાણીને વિવેક સભર બોલવી એ જ આ પૂરા પુસ્તકનું રહસ્ય છે.

તા. 30-3-૨૦૦૪ - ચૈત્ર સુદ હરિજયંતી

**સમાપ્ત**



-: લેખક :-

## સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂદાસજી સ્વામી

### શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી દ્વારા

# પ્રકાશિત પુસ્તકો

૧. સત્સંગિજીવન સાગરમંથન
૨. જ્ઞાન સરિતા
૩. મોહનજીને મળવાને
૪. વાણી-વિવેક
૫. અમાનવીય ક્રૂરતા
૬. જીવન એક સ્નેહ ઝરણું
૭. માનવતાના દીવડા
૮. જીવનયાત્રા
૯. નિત્યનિયમાવલિ
૧૦. શાંતિપાઠ
૧૧. મુક્તાનંદ કાવ્યમ્
૧૨. મહાપૂજા મુક્તગાથા
૧૩. શિક્ષાપત્રી (ગુજરાતી)
૧૪. પંચરત્નમ્
૧૪. શિક્ષાપત્રી (અંગ્રેજી)
૧૩. શ્રીમદ્‌ભગવદ્ વિલાસમ્ (સંસ્કૃત)
૧૪. BELOVEDGHANSHYAM
૧૫. LORD SWAMINARAYAN
૧૬. NILKANTH CHARITRA
૧૭. DIVINE DEVAOTION